MANOGAT • Year-40 • Issue-11 • 10 September 2021 • Bhadarva Sud 4, Samvat 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28



૨૫ સપ્ટેમ્બર
પંડિત દીનદયાળ જન્મદિન



૧૭ સપ્ટેમ્બર
શ્રી નરેન્દ્રભાઇ મોદી જન્મદિન

# મનોગત


ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम्।





## નર્મદાના તટે સરદારના સાંનિધ્યે
## ઐતિહાસિક - આધુનિક અને એકાત્મની અનુભૂતિ

# કેવડિયા ખાતે યોજાયેલ પ્રદેશ કારોબારીની તસવીરો







Year : 40, Issue : 11, Pages : 28

## તંત્રીસ્થાનેથી

### હિન્દુત્વને તાલિબાનીઓ સાથે સરખાવનારા આ કહેવાતા બુદ્ધિજીવીને એ વાતની ખબર હોવી જોઈએ કે હિન્દુત્વ જો તાલિબાની જેવું હોત તો આવું બોલવાની હિંમત આ દેશમાં તમે કરી શક્યા હોત ?

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

સમગ્ર વિશ્વની નજર જે ઘટના પર છે તે અફઘાનિસ્તાન પરના તાલિબાની શાસન સંદર્ભે જાવેદ અખ્તર દ્વારા નિવેદન આપવામાં આવ્યું કે - સંઘ-વિહિપ અને તાલિબાન એકસરખાં છે ! જાવેદ અખ્તરજી - ક્યા ચશ્મા પહેરીને તમે આવી વાતો કરો છો ? રાષ્ટ્રપ્રેમી સંઘ અને ક્યાં પોતાના જ રાષ્ટ્રના વિકાસનો વિધ્વંશ કરનારા તાલિબાનીઓ ! તમામ આપદાઓ વખતે જ્ઞાતિ, ધર્મના ભેદભાવ વિના કામ કરનાર રા. સ્વ. સંઘ અને ક્યાં અન્ય ધર્મના લોકોની કત્લેઆમ કરનારા આતંકવાદી આ સંગઠનો ! ક્યાં હિન્દુત્વની જીવનશૈલીથી સર્વેજનાઃ સુખીનઃ સન્તુનો વિચાર આપતી આપણી સંસ્કૃતિ અને ક્યાં અન્યોને છૂપી રીતે પાછળથી હુમલા કરીને રંજાડનારી ધર્મઝનૂની ટોળાંશાહી !

રા. સ્વ. સંઘ કે વિ.હિ.પરિષદ હિન્દુઓને અન્યાય ન થાય તેની ચિંતા ચોક્કસ કરે છે પરંતુ કોઈપણ રીતે અન્ય ધર્મીને હેરાન, પરેશાન, પ્રતાડિત કે મારી નાંખવાની વાત નથી કરતો. આત્મઘાતી હુમલા કરનારા સ્લીપર સેલો ઊભા કરવાની વાતો નથી કરતો કે આક્રમણ દ્વારા પડાવી લેવાની વૃત્તિ પુરસ્કૃત નથી કરતો. ઇતિહાસ ચકાસી લો. આ દેશ પર આક્રમણો કોણે કર્યાં છે ? કેવા ઇરાદાઓથી કર્યાં છે ? ધર્માંતરણ કોણે કર્યું છે, કોના ઇશારે અને કોના પૈસાએ કર્યું છે ?

હિન્દુત્વને તાલિબાનીઓ સાથે સરખાવનારા આ કહેવાતા બુદ્ધિજીવીને એ વાતની ખબર હોવી જોઈએ કે હિન્દુત્વ જો તાલિબાની જેવું હોત તો આવું બોલવાની હિંમત આ દેશમાં તમે કરી શક્યા હોત ? આવાં નિવેદનો કરીને આ પ્રકારના છૂપા અને દંભી લોકો - (૧) હિન્દુત્વની ખોટી બાબત સાથે સરખામણી કરીને સમગ્ર વિશ્વમાં હિન્દુત્વને બદનામ કરવા માટે સતત પ્રવૃત્ત હોય છે. (૨) પોતાની દંભી બિનસાંપ્રદાયિકતા દ્વારા હિન્દુઓના મનમાં પણ હિન્દુત્વ સામે વિરોધ પેદા કરવાનો તેનો ઇરાદો હોય છે. (૩) હિન્દુત્વને નબળું પાડીને ધીમે-ધીમે ધર્મ અને ત્યારબાદ રાષ્ટ્રના ચારિત્ર્યને નબળું પાડવાનો આયોજનબદ્ધ પ્રયાસ પણ તેઓનો હોય છે. (૪) આવાં નિવેદનોથી ઉશ્કેરણીજનક સ્થિતિ ઊભી કરીને દેશની વિકાસયાત્રાને ખોરંભે ચડાવી ભારત એટલે અરાજકતા, અવ્યવસ્થા, ધર્માંધતાનો દેશ એવું વિશ્વમાં પ્રસ્થાપિત કરીને પોતાની દંભી બિનસાંપ્રદાયિકતાની દુકાન દુનિયાભરમાં ચાલુ રાખવાનો તેઓનો હેતુ હોય છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક એવા માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી આ દેશના પ્રધાનમંત્રી છે અને અફઘાનિસ્તાનમાં તાલિબાનીઓનું શાસન છે. જો બંનેને જાવેદ અખ્તર સરખા માનતા હોય તો અફઘાનના મુસ્લિમ મહિલા સાંસદ આ સ્થિતિમાં તેમનો દેશ છોડીને પોતાનો જીવ બચાવવા રાતોરાત ભારતમાં કેમ આવી ગયાં ? આ જ ફેર છે કે હિન્દુત્વ મુસ્લિમ મહિલાના હિત માટે તીન તલાક રદ પણ કરી શકે છે અને જાવેદ અખ્તર જેવો ભણેલો-ગણેલો, સાહિત્યકાર ગણાતો માણસ પણ રાષ્ટ્રપ્રેમી સંઘ સામે જેમ-તેમ બોલી શકે છે !

આઝાદીથી જ નહીં - મુસ્લિમ ધર્મની સ્થાપનાથી એ વાત દુર્ભાગ્યપૂર્ણ રહી છે કે - મુસ્લિમ નેતૃત્વ હંમેશા ધર્માંધ અને સ્વાર્થપ્રેરિત જ રહ્યું છે. કહેવાતા બૌદ્ધિકોએ ન માત્ર મુસ્લિમોનું ખરાબ કર્યું છે સાથે - સાથે નાસ્તિકતાના નામે હિન્દુ ધર્મમાં પણ દંભી બિનસાંપ્રદાયિકો પેદા કરીને ધર્મ, રાષ્ટ્ર અને પ્રકૃતિને પણ, સમજી ના શકાય તેવું નુકસાન કરીને વિશ્વની રાજનીતિને ખોટી દિશા આપી દીધી છે.

આવો, ચહેરા પાછળના દંભી ચહેરાને ઝડપથી ઓળખીએ. સિનેજગતના મંચ પર પ્રેમ અને કરુણાની દંભી વાતો કરનારા આવા લોકોને સાચું સત્ય સમજાવી દેશને સાચો પ્રેમ કરીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
મનોગત પાક્ષિક
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# કેવડિયા ખાતે પ્રદેશ કારોબારી બેઠક

## દેશ આપણો સોમનાથ છે, ગરીબ જન સાક્ષાત્ જગન્નાથ છે
## પ્રત્યેક કિસાન બદ્રીનાથ છે, સરહદે ઊભેલો જવાન આપણું કેદારનાથ છે

### અભિનંદન પ્રસ્તાવ

ભારતમાતાને પરમ વૈભવના સ્થાને પહોંચાડવાના ધ્યેય સાથે અથાક પરિશ્રમ કરતી કેન્દ્રની મા. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર સાત વર્ષમાં 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસ' ના મંત્રને ચરિતાર્થ કરવા શરૂ કરેલ જન કલ્યાણકારી યોજનાઓ અને લીધેલા રાષ્ટ્રહિતના નિર્ણયો દ્વારા દેશના સર્વાંગી વિકાસની જે કામગીરી કરી રહી છે તેને ગુજરાત પ્રદેશ ભાજપાની આ કારોબારી અભિનંદન પાઠવે છે.


ગુજરાતને ઉત્તમમાંથી સર્વોત્તમ બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે કરેલાં અનેક લોકહિતનાં કાર્યો માટે ગુજરાત પ્રદેશ ભાજપાની આ કારોબારી અભિનંદન પાઠવે છે.

પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના છેવાડાના માનવીની ચિંતા કરવાના વિચારને અમલમાં મૂકીને માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આઝાદી બાદ પ્રથમ વખત ગરીબો માટે બેંકોનાં દ્વાર ખોલવામાં આવ્યાં. પ્રધાનમંત્રી જન ધન યોજના અંતર્ગત ૪૩.૦૪ કરોડથી વધુ ખાતાં ખોલીને



### લોકોનું શોષણ કરનારા તમામ કોંગ્રેસીઓને હરાવવા જરૂરી છે - પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલ

- છેલ્લા ૧ વર્ષથી દરેક સહકારી ક્ષેત્રની ચૂંટણી ભાજપ એકલા હાથે લડે છે. ૮૫માંથી ૮૪ ચૂંટણીઓમાં જીત મેળવી છે. સહકારી ક્ષેત્રમાં આપણી 'કમળ' જીત દ્વારા કોંગ્રેસનો એકડો નીકળી ગયો છે.
- મારો જન્મ જીતવા માટે થયો છે. જીતાડવાની જવાબદારી મળે તે પણ જીત જ છે. આ સંકલ્પ નવી ઊર્જા આપે છે. કોઈપણ ક્ષેત્રના પ્રમુખ આપણા જ હોવા જોઈએ. આપણા વિચારના જ હોવા જોઈએ.
- વિધાનસભાની ૧૮૨ સીટમાંથી ૧૮૨ સીટ જીતવી છે. લોકોનું શોષણ કરનારા તમામ કોંગ્રેસીને હરાવવા જરૂરી છે. ઝીણવટભરી કામગીરી ચોક્કસ કરવી પડશે.
- હવે સંપૂર્ણ વિગતો પ્રદેશ પાસે છે. ધારાસભ્યોને વિધાનસભા વાઈઝ આ ડેટા આપીએ છીએ. જેનો યોગ્ય ઉપયોગ જરૂરી છે.
- તમામનો સંપર્ક કરો. અત્યારથી જ કામે લાગવું પડશે.
- મોદી સાહેબના નામે મત મળે છે ત્યારે આપણા માટે પણ મતદારને લાગણી ઊભી થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- પ્રત્યેક કામને સોશિયલ મીડિયા દ્વારા યોગ્ય પ્રસિદ્ધિ આપવી પણ જરૂરી.
- લોકોના શુભ-અશુભ પ્રસંગે આપણી ઉપસ્થિતિ બહુ મહત્ત્વની છે.
- અધિકારીને નહીં આપણા પદાધિકારીને પ્રસિદ્ધિ આપવી.
- ૧૭મી સપ્ટેમ્બરે નમોનો ૭૧મો જન્મદિવસ છે. નાના બાળકોના હાર્ટનાં ૭૧ ઓપરેશનો થનારાં છે.
- સુરતથી નમોના જીવન-કવનનો જીવંત કાર્યક્રમ પણ કરીશું.
- ૭૧૦૦૦ વૃક્ષો વવાશે.
- અમરેલીમાં ૮૫૦ બોરવેલ બનાવાશે જેથી વરસાદી પાણી સીધું જમીનમાં ઊતરશે.
- ૭૧૦૦ ગામોમાં રામમંદિરમાં સાંજે ૭ વાગે આરતી કરીશું.
- ૫૮ લાખ પેઈજ સમિતિના સભ્યો બની ગયા છે.
- ૩૦ લાખ ડેટા એન્ટ્રી પણ થઈ ગઈ છે.
- કુલ ૭૫ લાખ બનાવવા છે જે ૧૮૨ સીટો સરળતાથી આપણને જીતાડશે.
- નમો એપ એક માહિતીનો ખજાનો છે. દરરોજ એકવાર જોવાથી કંઈક વધુ જાણવા મળશે. સક્રિય થવું અત્યંત જરૂરી. ટ્વિટર એકાઉન્ટ ખોલાવી લાઈક અને રીટ્વીટ કરવું જરૂરી જેથી સંદેશ તમામ સુધી પહોંચશે.



એક વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો. આ જન ધન ખાતાંઓમાં રૂ. ૧,૪૬,૨૩૦ કરોડની રકમ જમા થઈ છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) અંતર્ગત દરેકેદરેક સહાય સીધી આ જન ધન ખાતામાં જમા કરીને કટકીબાજો અને વચેટિયાઓની ચુંગાલમાંથી દેશની જનતાને બચાવી છે. પરિવારમાં આકસ્મિક અવસાન થાય તો પરિવાર નોંધારો ન બને તે માટે શરૂ કરેલ પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજનાનો લાભ ૧૦.૨૭ કરોડ અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનો લાભ ૨૩.૨૬ કરોડ લોકોએ લીધો છે. સામાન્ય નાગરિકોને પેન્શન મળે તે માટે શરૂ કરેલ અટલ પેન્શન યોજનાનો લાભ ૩.૦૨ કરોડ નાગરિકોએ લીધો છે. દીકરીનાં લગ્ન સમયે મોટું આર્થિક ભારણ ન આવે તે માટે દીકરીના જન્મ સમયથી કરેલ બચત પર સારું વળતર આપતી સુકન્યા સમૃદ્ધિ યોજનાની શરૂઆત કરી છે.

માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા યુવાઓ ઈનોવેશન સાથે જોડાય તે માટે સ્ટાર્ટ અપ ઈન્ડિયા યોજનાની શરૂઆત કરવામાં આવી જે અંતર્ગત અત્યાર સુધીમાં ૪૭ હજાર જેટલા સ્ટાર્ટઅપ નોંધાયા છે. મહિલાઓ અને દલિત તેમજ આદિવાસી સમાજના યુવાઓ પોતાનો ઉદ્યોગ શરૂ કરી શકે તે માટે અલગથી સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજનાની શરૂઆત કરી, જે યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૧.૫ લાખ લોકોને રૂ. ૨૫, ૯૮૭ કરોડની લોન આપવામાં આવી છે. કોઈપણ વ્યક્તિ નાનો કે મોટો ઉદ્યોગ શરૂ કરવા માગતો હોય તેમને માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત

**પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલના નેતૃત્વમાં નવી પહેલ**

**(૧) મંચ પર અન્ય કોઈ નહીં, વરિષ્ઠ નેતૃત્વ અને હોદ્દેદારોમાં ઐક્ય ભાવ**
**(૨) ટેબ્લેટના પ્રયોગથી પેપરલેસ કારોબારી અને ડિજિટલ ઇન્ડિયા**
**(૩) રેલવે માર્ગે સામૂહિક પ્રવાસ**

૨૯ કરોડ લોકોને રૂ. ૧૫ લાખ કરોડની લોન આપવામાં આવી છે. પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત રેંકડી કે લારી ચલાવતા અને નાનો વેપાર કરતા ફેરિયાઓ માટે રૂ. ૧૦,૦૦૦ સુધીની કોઈ પણ જાતની જામીનગીરી વગરની લોન દેશની આઝાદી બાદ પ્રથમ વખત આપવાની શરૂઆત કરી છે. યુવાઓ અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમલમાં મુકાયેલી નવી શિક્ષણનીતિને ભાજપાની આ પ્રદેશ કારોબારી આવકારે છે.

પ્રધાનમંત્રી શ્રમયોગી માન-ધન યોજના અંતર્ગત દરેક અસંગઠિત કામદારોને ૬૦ વર્ષની આયુ પછી રૂ. ૩,૦૦૦ પ્રતિમાસનું પેન્શન અને પ્રધાનમંત્રી કિસાન માન-ધન યોજના (PM-Kisan) અંતર્ગત દરેક નાના ખેડૂતોને પણ ૬૦ વર્ષની આયુ પછી રૂ. ૩,૦૦૦ પ્રતિમાસનું પેન્શન આપવાની યોજનાના ઐતિહાસિક નિર્ણય માટે મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પ્રદેશ કારોબારી અભિનંદન પાઠવે છે.

કોરોનાના કપરા સમયે સમગ્ર વિશ્વ આ મહામારીનો સામનો કરી રહ્યાં હતું ત્યારે ભારતમાં સંક્રમણને નાથવા મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિથી સતત આયોજન કરીને બધી જ વ્યવસ્થાઓ ગોઠવી રહ્યા હતા, તેમના નેતૃત્વમાં વૈજ્ઞાનિકોએ રસીની શોધ કરવાની તુરંત શરૂઆત કરી દીધી હતી અને આત્મનિર્ભર ભારતને સાર્થક કરી ઝડપથી વૈજ્ઞાનિકોએ રસી (વેક્સિન) બનાવી છે, જેના કારણે વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન અત્યારે દેશમાં ચાલી રહ્યું છે, જે અંતર્ગત ૨૭, ઓગસ્ટ, ૨૦૧૧ના રોજ એક જ દિવસમાં ૧ કરોડ કરતાં વધારે રસી (વેક્સિન)ના ડોઝ આપવામાં આવ્યા છે. કોરોનાની બીજી લહેર વખતે ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેકશનનું વિતરણ સુચારુ રીતે થાય તે માટે મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય આર્મી, એરફોર્સ અને નેવીનો ઉપયોગ કરી તથા રેલ્વે અને એરોપ્લેન દ્વારા દરેક રાજ્યમાં ઓક્સિજન પહોંચાડવાનું કામ સફળતાપૂર્વક કર્યું જેના કારણે ઓક્સિજનનો પ્રશ્ન હળવો થયો.

સમગ્ર દેશના દરેકેદરેક નાગરિકને વિનામૂલ્ય રસી આપવાના સંવેદનશીલ નિર્ણય તેમજ વિક્રમજનક અભિયાન માટે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પ્રદેશ કારોબારી લાખ-લાખ અભિનંદન પાઠવે છે.


કોરોનાને કાબૂમાં રાખવા સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું ત્યારે કોઈપણ વ્યક્તિ ભૂખ્યું ન સૂવે તેની ચિંતા કરીને દેશના મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ





# ગુજરાતના કાર્યકર્તાઓની સંગઠન પ્રત્યેની સ્પષ્ટતા અદ્‌ભુત છે
# તમામમાં રહેલો કાર્યકર્તા ભાવ અજોડ છે - શ્રી રાજનાથસિંહજી

- **UPA** - કુશાસનથી ત્રસ્ત, શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર તરીકેની ઘોષણા કરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું હતું. - પરિવર્તનની નિયતિ નક્કી કરનારી એ ક્ષણ હતી.
- ૭ વર્ષનું નરેન્દ્રભાઈનું શાસન મેં નજીકથી જોયું.
- ગુજરાતી માના કૂખે જન્મીને શ્રી નરેન્દ્રભાઈએ ભારતીય રાજનીતિનું કલેવર અને તેવર બદલ્યું છે.
- મારી માનું નામ પણ ગુજરાતીદેવી છે.
- ૨૦૧૪માં આપણી સફળતા માટે રાજકીય પંડિતો પણ ખોટા પડ્યા.
- નરેન્દ્રભાઈના ૧૪ વર્ષના ગુજરાત સુશાસને દેશમાં ભરોસો પેદા કર્યો.
- ગુજરાત ભાજપનો સમૃદ્ધ ઈતિહાસ, પક્ષની મજબૂતી ૧૯૯૦થી સક્ષમ રહી અને સત્તા પર રહી.
- માત્ર સત્તા હાંસલ કરવાનું લક્ષ્ય આપણું નહોતું માટે જ આપણે લાંબા સમય સુધી સત્તાસ્થાને છીએ.
- એક મહત્ત્વનું કારણ આપણું **Politics of Performance** છે જેનું શ્રેય કાર્યકર્તાને જાય છે.
- નમોનું બહુ મોટું પ્રદાન છે. કેન્દ્રમાં ૭ વર્ષમાં દેશને નવી દિશા આપી.
- જે ઘોષણા કરી તેનો અમલ કર્યો - નવી છબી ઊભી કરી.
- ઇન્દિરા ગાંધીએ બેંકનું રાષ્ટ્રીયકરણ કર્યું પરંતુ - ગરીબો બેંકો સુધી ન પહોંચી શક્યા.
- ગરીબી હટાવો માત્ર નારો બની રહ્યો.
- આપણું **Political will** - નીતિને કારણે આપણે છેલ્લા માણસ સુધી પહોંચી શક્યા. ૪૩ કરોડથી વધારે જનધન ખાતા ખૂલ્યાં.
- કોંગ્રેસે મહાત્મા ગાંધીના નામનો માત્ર ઉપયોગ જ કર્યો - એમનું કામ છોડી દીધું.
- દીનદયાળજીએ કહ્યું તે આપણે કર્યું.
- અટલજીએ અન્ત્યોદય યોજના કરી અને આ સ્વપ્નને નમો સુપેરે આગળ વધારી રહ્યા છે.
- ૮૦ કરોડથી વધારે લોકોને મફત રાશન કોરોના કાળમાં આપણે આપ્યું.
- કોરોના કાળમાં આપણે સ્વાસ્થ્ય અને અન્નસુરક્ષાની ચિંતા કરી.
- કોંગ્રેસ પર જનતાનો ભરોસો પૂરો થઈ ગયો.
- રાજીવ ગાંધીએ ભ્રષ્ટાચારનો સ્વીકાર કર્યો હતો, જ્યારે આપણે ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર **DBT** દ્વારા ૧૦૦ એ ૧૦૦ પૈસા લાભાર્થી સુધી પહોંચાડીએ છીએ.
- ૧૯૪૭થી જ કોંગ્રેસે ભ્રષ્ટાચાર પર અંકુશ મેળવ્યો હોત તો આજે ભારત ડેવલપ કન્ટ્રી બની ગયો હોત.
- કેન્દ્રના ૭ વર્ષના આપણા શાસન પર કોઈ આંગળી ઉઠાવી શકે તેમ નથી.
- ગુજરાત જ નહીં ભાજપનાં અન્ય રાજ્યો પર પણ કોઈ આક્ષેપ સુદ્ધાં કરી શકે તેમ નથી.
- ખેડૂતો માટે - કોંગ્રેસે કશું ના કર્યું, લોન સુવિધા પણ નહીં. જ્યારે આપણે હર ખેત કો પાની - હર હાથ કો કામ. અટલજી વખતે પહેલીવાર લોન પર વ્યાજદર ઘટાડવાનો ઐતિહાસિક નિર્ણય આપણે કર્યો હતો. ૪%ના દરે ખેડૂતોને લોન આપી.
- આજે ગુજરાતમાં ૦%ના દરે ખેડૂતોને લોન મળે છે. દોઢગણાથી વધારે **MSP** ભાવ નમો સરકારમાં ખેડૂતોને મળી રહ્યા છે.
- નવું સહકારિતા મંત્રાલય ઊભું કર્યું. કમાન શ્રી અમિતભાઈ શાહને સોંપી.
- જવાન-કિસાન બંનેની કોંગ્રેસે ચિંતા ના કરી.
- આતંકવાદીઓ સામે પણ આપણી કાર્યવાહી અભૂતપૂર્વ રહી છે.
- આતંકવાદીઓને **Safe Passage** આપનાર કોંગ્રેસ પાસે તેનો કોઈ જવાબ નથી.
- જમ્મુ-કાશ્મીર જ નહીં - હિંદુસ્તાનના કોઈ પણ ખૂણામાં આતંકવાદીઓ કશું કરી શકતા નથી.
- ઉરી ઘટના પછી સેનાએ જે કર્યું તેણે વિશ્વને સંદેશો આપ્યો.
- આપણે આતંકવાદી ઠેકાણાઓને ધ્વંશ કર્યા છે.
- નાગરિકોની સુરક્ષા આપણી પહેલી જવાબદારી છે.
- ભારતવાસીઓ માટે જ્યારે જ્યારે સંકટ આવ્યું ત્યારે નમોએ ચિંતા કરી છે.
- ભારતીયોની સુરક્ષા માટે કોઈ પણ કુરબાની આપવા આપણે તૈયાર છીએ.
- આપણે પૂર્ણ બહુમત સાથે કાશ્મીરની ૩૭૦ની કલમ રદ કરી.
- જે કહ્યું તે કર્યું.
- નેતાઓની કથની અને કરણીમાં ફેર છે. તે સમસ્યા પર આપણા



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ વિજય પ્રાપ્ત કર્યો.

- રામજન્મભૂમિ, કૉમની સિવિલ કોડ, તીન તલાક, CAA એ આપણી સાંસ્કૃતિક પ્રતિબદ્ધતા છે.
- રામમંદિરનું નિર્માણ દુનિયાની કોઈ તાકાત રોકી નહીં શકે.
- કોંગ્રેસે આપણી ૩-૩ રાજ્ય સરકારોને બરખાસ્ત કરી હતી. પરંતુ આપણે ધ્યેય બદલ્યો નહોતો
- આપણી સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા અડગ રહી છે.
- અટલજી-અડવાણીજીની કામગીરી
- **BJP for development**ની ઓળખ પ્રાપ્ત કરી છે.
- આજે ૧૮ કરોડ આપણી સભ્ય સંખ્યા છે.
- ગુજરાતના કાર્યકર્તાઓની સંગઠન પ્રત્યેની સ્પષ્ટતા અદ્ભુત રહી છે.
- તમામમાં રહેલો કાર્યકર્તા ભાવ અજોડ છે.
- ૨૦૧૪ના પરિણામો પછી શ્રી નરેન્દ્રભાઈનું પ્રધાનમંત્રી બનવાનું જ્યારે નિશ્ચિત હતું ત્યારે રાષ્ટ્રીય પ્રમુખના નાતે એમણે મને ફોન કરીને જણાવેલું કે હું મારી કામગીરીનો રીપોર્ટ કાર્ડ આપવા આવું છું.
- અહંકારશૂન્ય બનીને આપણે સૌએ કામ કરવાનું છે.
- પ્રતિવર્ષ જનતાને આપણે રીપોર્ટ કાર્ડ આપવાનો.
- **Politics of Accountability**નો ભાવ સમાપ્ત ન જ થવો જોઈએ
- ગુજરાતમાં આજે આપણને ૩૦ વર્ષ થવા આવ્યાં. જનતાનો ભરપૂર ભરોસો છે.
- આ ભરોસો અકબંધ રહે તે માત્ર **CM-DCM**ની નહીં દરેક કાર્યકર્તાની જવાબદારી છે.
- આપણી આગામી વિધાનસભાની ચૂંટણી પર દુનિયાની નજર છે.
- ભાજપા જીત મેળવવાનું મશીન નહીં, વિશ્વાસ જીતવાની જમીન બની ગયું છે.
- જન, સમાજ, દેશસેવાનો અવસર
- દેશ આપણો સોમનાથ છે.
- ગરીબ જન સાક્ષાત્ જગન્નાથ છે.
- પ્રત્યેક કિસાન બદ્રીનાથ છે.
- સરહદે ઊભેલો જવાન આપણું કેદારનાથ છે.
- ચૂંટણી સુધી સીમિત નથી રહેવાનું આઝાદીનો અમૃત મહોત્સવ ખરા અર્થમાં ઊજવવાનો છે.
- ભારત સૌથી શક્તિશાળી આત્મનિર્ભર દેશ બને તે માટે સૌનો પ્રયાસ જરૂરી
- રક્ષાક્ષેત્રે આત્મનિર્ભર બન્યા છીએ.
- ૧૭૦૦૦ કરોડથી વધારેનું તો એક્સપોર્ટ કરી રહ્યા છીએ.
- ૨૦૯ પ્રકારનાં હથિયાર આજે સ્વદેશી ઉત્પાદકો પાસેથી જ લેવામાં આવી રહ્યાં છે.
- કોંગ્રેસે તો ટેલેન્ટ પણ ઈમ્પોર્ટ કરવી પડે છે.
- વિરોધ માટે વિરોધ કરવા ખાતર કરે છે કોંગ્રેસની તડજોડની જ રાજનીતિ છે.
- લોકશાહી માટે વિરોધપક્ષ જરૂરી પરંતુ વિરોધ સકારાત્મકતાપૂર્ણ હોવો પણ જરૂરી.
- હાથ ધોઈને પાછળ પડી જનારાનું પરિણામ રાહુલ ગાંધી જેવું હોય.
- રાફેલ ફાઈટર ફ્રાંસથી હિન્દુસ્તાનની જમીન પર લેન્ડ થઈ ગયું પરંતુ રાહુલ ટેક ઓફ કરી ન શક્યા.
- દેશના ખૂણે-ખૂણે ભાજપ પહોંચ્યું જેના માટે કેટલાએ પોતાનું જીવન ખપાવ્યું છે. વિચારધારાથી જોડાઈને કામ કર્યું છે.
- આપણે ત્યાં પેઈજ પ્રમુખ - પ્રદેશ પ્રમુખ જેવું સન્માન મળી રહ્યું છે.
- સશક્ત ભારતના નિર્માણ માટે સૌનું અભિવાદન કરું છું

દેશના ૮૦ કરોડ જરૂરિયાતમંદ લોકોને ૫ કિલો વિના મૂલ્ય અનાજ આપવાનો ઐતિહાસિક સંવેદનશીલ નિર્ણય કર્યો અને આવનાર દિવાળી સુધી તેને લંબાવવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ૪૨ કરોડ લોકોને રૂ. ૬૮,૯૦૩ કરોડની સહાય કરી, જેમાં ૨૦ કરોડ મહિલાઓનાં જન ધન ખાતાંમાં રૂ. ૩૦,૯૫૨ કરોડની સહાય, ૨.૮૧ કરોડ વૃદ્ધો અને દિવ્યાંગોને રૂ. ૨,૮૧૪ કરોડની સહાય અને ૧.૮૫ કરોડ બાંધકામ મજૂરોને રૂ. ૫,૦૧૨ કરોડની સહાય આપવામાં આવી તેમજ ઉજ્જવલા યોજના અંતર્ગત ૧.૧૪ કરોડ એલપીજી સિલિન્ડરને વિનામૂલ્ય રીફિલિંગ કરી આપવામાં આવ્યા.


કોરોના વૈશ્વિક મહામારીના સમયે દેશની આર્થિક ગતિવિધિ ધીમી ન પડે તે માટે આત્મનિર્ભર ભારત અંતર્ગત માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર દ્વારા ૨૯.૮૭ લાખ કરોડના અલગ અલગ રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી. આ આર્થિક પેકેજને કારણે નાના-મોટા બધા જ ઉદ્યોગોને ટેકો પ્રાપ્ત થયો અને સાથે સાથે ગરીબ પરિવારોની રોજગારી પણ ચાલુ રહી. લોકડાઉનના સમય દરમિયાન હોમ લોન અને એજ્યુકેશન લોન લેનાર લોકોને પણ ૬ મહિના સુધી હપ્તા ભરવામાંથી મુક્તિ મળી હતી. કોરોનાના સંકટે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા અસ્તવ્યસ્ત કરી છે ત્યારે ભારતની અર્થવ્યવસ્થાને ટકાવવા માટે મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂજ્ય મહાત્મા ગાંધીજી અને સંઘના સ્વદેશી વિચારનો 'વોકલ ફોર





## ભાજપનો કાર્યકર પ્રોફેશનલ નહીં - ભાવનાથી જોડાયેલ કમિટેડ વ્યક્તિ છે. કાર્યકર્તાને નીચા જોવાપણું થાય તેવું એક કામ ગુજરાત સરકાર નહીં કરે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

- નમો - રાષ્ટ્રભાવનાને સમર્પિત થઈને કાર્ય કરી રહ્યા છે માટે જ આઝાદીના અમૃત મહોત્સવનો વિચાર તેમ જ આવે.
- કોંગ્રેસે દેશહિત બાજુમાં મૂકી શાસન કર્યું - આઝાદીના લડવૈયાનાં સ્વપ્નોને બાજુમાં રાખી સ્વને કેન્દ્રમાં રાખીને શાસન કર્યું - પરિણામે દેશને બદનામ કરી નિરાશા જન્માવી દીધી.
- નમો ગુજરાતના સીએમ બન્યા - એમણે રાજનીતિમાં નવો વિશ્વાસ પેદા કર્યો. પરિશ્રમની પરાકાષ્ઠા અને પ્રામાણિક શાસન આપ્યું, જેના આધારે ૨૦૧૪માં દેશમાં આપણી સરકાર બની.
- કાર્યકર્તા ભાજપ માટે ૨૫-૨૫-૩૦-૩૦ વર્ષથી લાગેલા છે, કારણ એટલું જ - દેશહિત સર્વોપરી છે - વ્યક્તિ સે બડા દલ, દલ સે બડા દેશ. માટે જ સત્તા આપણા માટે એટલી મહત્ત્વની ક્યારેય રહી નથી.
- ૧૯૫૧થી ૨૦૨૧ સુધી અનેક પેઢી કામ કરતાં કરતાં પસાર થઈ ગઈ. કાર્યકર્તા કેન્દ્રસ્થાને રહ્યો.
- કાર્યકર્તા આપણા કામનો આધાર છે.
- નિઃસ્વાર્થ ભાવે કામ કરનારા કાર્યકર્તાની ટીમ આપણી શક્તિ છે
- ભારતમાતાને જે પડકારે છે તેનો જવાબ આપણે સૌ છીએ. વંદે માતરમ્‌નો અર્થ ભારત-વિરોધીઓને આપણો પડકાર છે.
- ભારતમાતા કી જયનો આપણો હેતુ દેશમાં કોઈ ભૂખ્યું ના હોય - કોઈ અભણ ના હોય - કોઈ ગરીબ ના રહે.
- ભારતમાતા અન્નપૂર્ણા છે, સરસ્વતી મા છે, લક્ષ્મી મા છે.
- કમનસીબે દંભી બિનસાંપ્રદાયિકો આપણી સામે મોટી ચેલેન્જ છે.
- સક્ષમ ભાજપ - સમર્થ ભારત - આપણો મંત્ર છે.
- ભગવાને આપણને તક આપી છે. પક્ષ માટે કામ કરવાની આપણી જવાબદારી છે.
- ભાજપનો કાર્યકર્તા એટલે પંચનિષ્ઠાને વરેલો કાર્યકર્તા. જેને લોકો ભાજપ તરીકે ઓળખે છે.
- ભાજપ એટલે તમે અને હું છીએ માટે આપણું વર્તન / વ્યવહાર બહુ મહત્ત્વનાં છે.
- આપણી જવાબદારી વધારે છે.
- પદ નહીં જવાબદારી છે.
- પ્રતિષ્ઠા નહીં પડકારોને પહોંચી વળવા નીકળેલા કાર્યકર છીએ.
- જવાબદારી કે અપેક્ષાથી ગભરાનાર લોકો નથી.
- આપણે તો આપત્તિને આશીર્વાદમાં પલટાવનારા લોકો છીએ.
- કોરોનામાં આપણે પ્રજાને રામભરોસે મૂકી નથી.
- આપણે હોસ્પિટલોમાં એની સાથે બેઠા હતા.
- આપણે પ્રામાણિક પ્રયાસો કર્યા છે
- પડકારોને ઝીલતા જઈશું.
- નેતા, નીતિ અને નિયત છે - નમો આપણા નેતા છે. સુશાસન અને કલ્યાણ આપણી નીતિ છે અને આપણી નિયત શુદ્ધ છે.
- ૩૭૦, રામમંદિર - સૂત્રો નહીં સંકલ્પો હતા જે પૂરા કરી રહ્યા છીએ.
- દીવામાં તેલ નહીં રાજ ચલાવવું કોઈ ખેલ નહીં - એવું કહેનારાને નમોનું સુશાસન આપણો જવાબ છે.
- ગુજરાતમાં ૨૭ વર્ષથી આપણે સત્તા પર છીએ.
- આપણે સંગઠનને નબળું પડવા દીધું નથી.
- સત્તા સંગઠનમાંથી જન્મે છે. સંગઠન તો ગંગાનો પ્રવાહ છે.
- કાળમીંઢ પત્થર નદીના પ્રવાહમાં આગળ વધતાં વધતાં જેમ શાલીગ્રામ બને છે તેમ કાર્યકર્તા પણ નેતા બને છે.
- અપમાનો કો ગલના હોગા - કદમ મિલાકર ચલના હોગા.
- બધાને સાથે લઈને ચાલનારા છીએ.
- શુભેચ્છક કાર્યકર્તા બને અને કાર્યકર્તા નેતા બને.
- આ ભાજપ છે જ્યાં ચા વેચનારા પ્રધાનમંત્રી બને છે અને બુથનો કાર્યકર્તા પક્ષપ્રમુખ બને છે.
- સામૂહિક ચિંતન, જવાબદારી અને નિર્ણય આપણી કાર્યપદ્ધતિ છે. પક્ષ સર્વવ્યાપી છે અહીં બધાને સ્થાન છે.
- પૂર્વજોના પરિશ્રમે પ્રતિકૂળતાને અનુકૂળતામાં પરિવર્તિત કરી છે.
- ગુજરાત માટે તો મોસાળમાં મા પીરસનાર છે.
- દેશ માટે પ્રમાણિકતા સાથેનું નેતૃત્વ કામ કરી રહ્યું છે.
- આપણે એક થઈ એક રાગે કામ કરીશું તો સી. આર. પાટીલની ૧૮૨ની કલ્પના અશક્ય નથી.
- કાર્યકર પ્રોફેશનલ નહીં - ભાવનાથી જોડાયેલ કમિટેડ વ્યક્તિ છે.
- કાર્યકર્તાને નીચા જોવાપણું થાય તેવું એક કામ ગુજરાત સરકાર નહીં કરે.
- કોંગ્રેસ છેલ્લી પાયરી પર બેઠેલી છે.
- સાથે મળી કામ કરીશું તો કોઈ બાબત અશક્ય નથી.
- નર્મદાતટે - સરદારની નિશ્રામાં સંકલ્પ કરીએ છીએ કે, આઝાદીના લડવૈયાનાં સ્વપ્નોને સાકાર કરીશું.
- ગુજરાત સંગઠનની તાકાતને ઊની આંચ નહીં આવે.



લોકલ'નો નારો આપીને સૌને અપીલ કરી કે સ્વદેશી બનાવટની લોકલ વસ્તુની જ ખરીદી કરે જેથી સ્થાનિક ઉદ્યોગોને ટેકો મળે અને સ્થાનિક રોજગારીને બળ મળે. આત્મનિર્ભર ભારત પેકેજ અને સ્વદેશી 'વોકલ ફોર લોકલ'ના અભિયાન માટે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પ્રદેશ કારોબારી અભિનંદન પાઠવે છે.

માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર દ્વારા વિદેશમાં વસતા ભારતીયો માટે અલગ-અલગ ઓપરેશન અને અભિયાન ચલાવીને સંકટના સમયે તેમને સ્વદેશ પરત લાવવામાં આવ્યા છે. યમન પર હુમલો થયો ત્યારે ઓપરેશન રાહત અંતર્ગત યમનથી ભારતીયોને સ્વદેશ પરત લાવવામાં આવ્યા હતા, નેપાળમાં ભૂકંપ આવ્યો ત્યારે ઓપરેશન મૈત્રી અંતર્ગત નેપાલથી ભારતીયોને સ્વદેશ પરત લાવવામાં આવ્યા હતા, કોરોનાના કપરા સંકટ સમયે અલગ અલગ દેશમાંથી વંદે ભારત મિશન અંતર્ગત લાખો ભારતીય નાગરિકોને સ્વદેશ પરત લાવવામાં આવી રહ્યા છે. વર્તમાનમાં જ્યારે અફઘાનિસ્તાન ઉપર તાલિબાનોએ કબજો જમાવ્યો છે ત્યારે ત્યાં રહેતા ભારતીયોને પણ ઓપરેશન દેવી શક્તિ અંતર્ગત સ્વદેશ પરત લાવવામાં આવી રહ્યા છે. આ કારોબારી સંકટના સમયે ભારતીયોને સ્વદેશ પરત લાવવા માટે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

દેશની આઝાદી બાદ પ્રથમ વખત માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કિસાનોને DBT મારફતે



## તાલિબાનીઓનો ડોળો કાશ્મીર પર છે તો પ્રધાનમંત્રીની નજર એમના પર છે - નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

- નેતૃત્વ પાસેથી ઘણું શીખવાનું મળે છે.
- નર્મદાનો કિનારો, સરદારનું સાંનિધ્ય છે.
- માર્ગદર્શન માટે રાષ્ટ્રીય નેતૃત્વ હાજર છે.
- ગતિશીલ પ્રદેશ પ્રમુખ.
- કોંગ્રેસે માત્ર ટ્વિટ કર્યું - મોદી સાહેબે કામ જ કર્યું.
- તાલિબાનીઓનો ડોળો કાશ્મીર પર છે તો આપણી નજર એમના પર છે
- પ્રધાનમંત્રી જનઆરોગ્ય વીમા યોજના - ૫ લાખ સુધી સ્વાસ્થ્ય યોજના.
- ખેડૂતો માટે બમણી આવક.

તેમના ખાતામાં વાર્ષિક ૬,૦૦૦ રૂપિયા જમા કરાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે, ગુજરાતમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ૫૮.૮૭ લાખ ખેડૂત કુટુંબોને રૂપિયા ૭, ૯૫૧ કરોડ જેટલી માતબર રકમ તેમના ખાતામાં જમા મળી ગયેલ છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અન્વયે ગુજરાતનો કુલ ૪ લાખ ૫૨ હજાર હેકટર જેટલો વિસ્તાર આવરી લેવાયો છે. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અન્વયે રાજ્યના ૨૦.૯૬ લાખ ખેડૂતો માટે છેલ્લાં પાંચ વર્ષમાં કુલ રૂ. ૫, ૫૦૦ કરોડનું પ્રીમિયમ સરકારે ચૂકવ્યું છે. રાષ્ટ્રીય કૃષિવિકાસ યોજના અન્વયે છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતે રૂપિયા ૧,૧૨૧ કરોડના ખર્ચે કૃષિલક્ષી માળખાકીય સવલતોમાં વધારો કર્યો છે.

યુપીએ સરકારનું ૧૦ વર્ષનું કૃષિ બજેટ ૧ લાખ ૧૭ હજાર કરોડ હતું જેની સામે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારનું ૨૦૨૦-૨૧નું કૃષિ બજેટ ૧ લાખ ૨૧ હજાર કરોડ છે. આ જ દર્શાવે છે કે ખેતીને માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી કેટલું પ્રાધાન્ય આપે છે. DAP ખાતરની આંતરરાષ્ટ્રીય કિંમતોમાં વધારો થતાં મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સબસિડી ૫૦૦થી વધારીને ૧૨૦૦ રૂપિયા પ્રતિ બેગ એટલે કે સબસિડીમાં ૧૪૦%નો વધારો કરીને ખેડૂતો પર આવનાર આર્થિક ભારણ ઘટાડયું છે. ખેડૂતોની આવક બમણી કરવા માટેની આવી અસંખ્ય જોગવાઈઓ અને નિર્ણયોને આ કારોબારી આવકારે છે અને મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવે છે.

દરેક પરિવારને છત મળે તે માટે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ગુજરાતમાં ૮ લાખ જેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્માર્ટ સિટી મિશન યોજનામાં ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર




# નપુંસકોએ નર્મદા યોજનાને નડવા સિવાય કશું કર્યું નથી - શ્રી પરસોત્તમભાઈ રૂપાલા



- મેધા પાટકર સામે આપણો સંઘર્ષ ઐતિહાસિક બાબત બની ગઈ.
- નપુંસકોએ નર્મદા યોજનાને નડવા સિવાય કશું કર્યું નથી.
- નર્મદા માટે ઉપવાસ પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યા અને મંજૂરીની છેલ્લી મહોર પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મારી.
- સરદારના સ્ટેચ્યુ પાસે ઊભા રહીએ ત્યારે લાગે કે એમના પગના નખ પાસે પણ ઊભા ન રહી શકીએ.
- સરદારનું નામ મીટાવવાનો પ્રયાસ કોંગ્રેસે કર્યો હતો.
- કોંગ્રેસનો સરદારદ્વેષ કેટલો છે કે એક પણ કોંગ્રેસી નેતા આજ સુધી અહીં આવ્યા નથી.
- શ્રી નરેન્દ્રભાઈને ઈતિહાસમાં યાદ કરવાના કામો અનેક થયા.
- શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ પણ તેઓ ગુજરાત લાવ્યા.
- ઈન્ડિયા હાઉસ બનાવ્યું.
- શ્યામજી કૃષ્ણ વર્માની અંતિમ ઈચ્છા હતી કે આઝાદ ભારતનો કોઈ નાગરિક આવે તો મારા અસ્થિઓ એમને આપજો જે કામ ૧૬મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે થવું જોઈએ તે નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યા અને તે લાવ્યા ત્યારે થયું.
- કોંગ્રેસે આંબેડકરજી ના નામનો પણ ઉપયોગ જ કર્યો.
- ૨૦૧૪ પહેલા સંસદમાં ભ્રષ્ટાચાર સિવાય કોઈ વાત નહોતી. જેની સામે ભ્રષ્ટાચારનો આપણો જવાબ DBT છે.
- ૧૦ વર્ષના UPA શાસનમાં ખેતી વિભાગ માટે ૧,૧૭,૦૦૦ કરોડનું બજેટ હતું, જેની સામે આપણે આટલા ટૂંકા સમયમાં ખેડૂતોના ખાતામાં સીધી જમા કરાવેલ રકમ ૧,૩૫,૦૦૦ કરોડ છે.
- કોંગ્રેસીઓ કહેતા, નરેન્દ્ર મોદી ૫૦ વર્ષ રહે તો પણ ૩૭૦ કલમ રદ ના થાય. કારણ કે તે માટે કાશ્મીર વિધાનસભાની મંજૂરી જરૂરી હતી.
- શ્રી અમિતભાઈ, શ્રી ભૂપેન્દ્રજી જેવા કાયદાકીય તજજ્ઞોએ સુધારો એવી રીતે કરાવ્યો કે વિધાનસભાની સત્તા સંસદ પાસે આવી ગઈ અને જેને પરિણામે આ કલમ રદ કરી શક્યા.
- ચિદમ્બરમને હતું કે સુપ્રીમ આ કાયદો કાઢી નાખશે. હવે એને કાયમી આનંદ મળી રહ્યો છે.
- લોકતંત્રમાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવા રાજકીય ઈચ્છાશક્તિ જરૂરી. ૮૫ પૈસા લેનારા વચેટિયાઓને નારાજ કરવાની હિંમત હોવી જોઈએ.
- વિજયભાઈને અભિનંદન. ૦ % વ્યાજે ખેડૂતોને ધિરાણ એ ભાજપ સરકારની ઉપલબ્ધિ.
- તાજેતરમાં વિપક્ષે સંસદ ચાલવા ના દીધી. કોરોનામાં, મોંઘવારીમાં અને કિસાન આંદોલનમાં ઘેરવાના મૂડમાં હતા.
- શ્રી ભૂપેન્દ્રજી - પીયૂષ ગોયલે ચર્ચા માટે હા પાડી.
- આપણા શ્રી મનસુખભાઈ માંડવિયાએ જડબાતોડ જવાબ આપ્યો.
- ઑક્સિજન માટે પ્રધાનમંત્રીશ્રીએ ત્રણેય સેનાને મેદાનમાં ઉતારી હતી તે વાત સમગ્ર દેશને ખબર પડી.
- આપણા પ્રયાસોને વિશ્વએ જોયો. ૧૦૦ કરતાં વધારે દેશોને આપણે સહાય કરી.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૃષ્ટિ, નિર્ણયશક્તિ અને નેતૃત્વએ દેશની નવી ઓળખ વિશ્વમાં પ્રસ્થાપિત કરી.
- ખાતર, બિયારણ, દવાની તમામ મંજૂરીઓ લોકડાઉન સમયે પણ તુરત જ અપાઈ છે.
- મુખ્યમંત્રી સહિત તમામની મિટિંગો પ્રત્યેક દિવસે થતી હતી. કેન્દ્રીય મંત્રીઓ જિલ્લાઓ સાથે કામ કરતા હતા. વિશ્વની તુલનાએ આપણે ઓછા નુકસાન સાથે બહાર નીકળી રહ્યા છીએ.
- ખેતીની નિકાસમાં ૪૦%નો વધારો થયો છે.
- છેવટે કશું નહોતું - એટલે કોંગ્રેસ અંચઈ કરીને સંસદ ના ચલાવવા ઊભી થઈ ગઈ.
- ગુજરાતની ટીમ ઓર આગળ વધારે તે જરૂરી.
- પ્રદેશ ભાજપના કાર્યક્રમો સાથે કામ કરીએ. આંખ અને કાન ખુલ્લાં રાખી કામ કરીએ.
- કેન્દ્ર સાથે ખભેખભા મિલાવી ફરીથી વધારે ઊંચાઈ માટે કટિબદ્ધ બનીએ.

અને દાહોદ શહેરનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તેના સર્વાંગી વિકાસ માટે સંપૂર્ણ મદદ કરવામાં આવી રહી છે. અમૃત મિશન યોજના હેઠળ રાજ્યનાં શહેરોમાં રૂ. ૫,૩૮૯ કરોડની રકમના ૪૬૬ જેટલાં શહેરી સુવિધાનાં કામો ગુજરાતમાં પ્રગતિ હેઠળ છે.

માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને AIMS હોસ્પિટલ આપીને વિશ્વકક્ષાની આરોગ્ય સવલતો ગુજરાતની જનતાને ઉપલબ્ધ કરાવી છે, રાજકોટ ખાતે રૂપિયા ૧,૪૦૦



કરોડના ખર્ચે ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકસાવવાની મંજૂરી આપી છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરને એરપોર્ટ જેવા રેલ્વે સ્ટેશનની ભેટ અને વડોદરાને રેલ્વે યુનિવર્સિટીની ભેટ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપી છે. એક્સપ્રેસ હાઈવે અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે સંપાદિત કરેલી જમીનોનું ગુજરાતના ખેડૂતોને સારામાં સારું વળતર આપીને દરેકેદરેક ખેડૂતને સંતોષ કરવાના કાર્યને આ કારોબારી આવકારે છે. અમદાવાદ અને મુંબઈને જોડતી બુલેટ ટ્રેન અને એક્સપ્રેસ હાઈવે ગુજરાતની વિકાસને એક નવી ઊંચાઈ પર પહોંચાડશે, ગુજરાતને વિકાસલક્ષી પ્રોજેકટો આપવા બદલ મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આ કારોબારી અભિનંદન સાથે આભાર માને છે.

મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ગરીબો અને વંચિતોના સ્વાસ્થ્યની ચિંતા કરીને આયુષ્યમાન ભારત યોજનાનો શુભારંભ કરાવ્યો છે. ૫૫ કરોડ લાભાર્થી સાથે આ વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના છે. આ યોજના અંતર્ગત કોઈપણ વ્યક્તિ હોસ્પિટલમાં જઈને ૫ લાખ સુધીની સારવાર વિના મૂલ્ય લઈ શકે છે. દવાનાં બિલો વધારે ન આવે એ માટે થઈને પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે.

પછાત જ્ઞાતિઓને યોગ્યતાના આધારે બક્ષીપંચ સમાજમાં સમાવેશ કરવાનો અધિકાર રાજ્ય સરકારને આપવાનું બિલ સંસદનાં બંને ગૃહોમાં માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પસાર કરવામાં આવ્યું છે. આવા અસંખ્ય ઐતિહાસિક નિર્ણય માટે આજની આ કારોબારી માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

ટોકિયો ઓલિમ્પિકમાં જનાર દરેક ખેલાડીને પ્રોત્સાહિત કરીને મા.પ્રધાનમંત્રીશ્રીએ ખેલાડીઓનું મનોબળ વધાર્યું હતું અને રમત-ગમતને પ્રાધાન્ય આપવાનું કાર્ય કર્યું હતું, જીત માટે શાબાશી આપી હતી તો હાર માટે મા.પ્રધાનમંત્રીશ્રીએ સાંત્વના પણ આપી હતી. ટોકિયો પેરાલિમ્પિકમાં જનાર ખેલાડીઓને પણ આ જ રીતે મા.પ્રધાનમંત્રીશ્રીએ પ્રોત્સાહિત કર્યા છે અને શુભકામનાઓ પાઠવી છે, તેમનું મનોબળ મજબૂત બનાવ્યું છે. ટોકિયો પેરાલિમ્પિકમાં પેરા ટેબલ ટેનિસમાં રજત ચંદ્રક મેળવીને સમગ્ર વિશ્વમાં ગુજરાતનું નામ રોશન કરનાર ગુજરાતની દીકરી ભાવિન પટેલને મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફોન કરીને શુભેચ્છાઓ-અભિનંદન પાઠવ્યાં હતાં, મા.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ ફોન પર અભિનંદન પાઠવીને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩ કરોડના ઈનામ તેમજ સરકારી નોકરીની જાહેરાત કરી હતી. આ પ્રકારે રમતોને પ્રાધાન્ય આપીને રમતવીરોને પ્રોત્સાહિત કરવા બદલ આ કારોબારી માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

ગુજરાતમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાતાં જ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગણતરીના દિવસોમાં ૨,૨૦૦ બેડની ક્ષમતા સાથે રાજયનાં ચાર મહાનગરોમાં ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલની શરૂઆત કરવામાં આવી, PPP મોડલ અંતર્ગત ખાનગી હોસ્પિટલ ના ૫૦% બેસને સરકારી ખર્ચે કોવિડ-૧૯ હોસ્પિટલમાં દર્દીઓ માટે રીઝર્વ કરવામાં આવ્યા. ગુજરાત



## સંગઠન - માત્ર ડેટા નહીં સંપર્ક અને સંવાદ છે - શ્રી ભૂપેન્દ્રજી યાદવ

- ૪ વર્ષ સુધી ગુજરાતના પ્રભારી હોવાના નાતે આપ સૌનો પ્રેમ અને માર્ગદર્શન મળ્યું.
- નમોએ મંત્રીમંડળમાં સ્થાન આપ્યું છે તેમનો આભારી છું.
- દેશની રાજનીતિ બદલાવ તરફ છે - Performance base governance તરફ જઈ રહી છે.
- સંગઠન - માત્ર Data નહીં સંપર્ક અને સંવાદ છે.
- નમોએ જે પરંપરા ઊભી કરી છે તે આપણે આગળ વધારવાની છે.
- આપણી રાજનીતિ એક મિશનરૂપ છે. વિચાર આધારિત આંદોલન છે.
- નિરંતર સક્રિયતા - સતત ક્રિયાશીલ રહેવું ખૂબ જરૂરી.
- યુપી અને ગુજરાત સામે દૃષ્ટિ રાખીને દેશ-દુનિયા બેઠી છે ત્યારે ૨૦૨૨ની જીતનો સંકલ્પ આ કારોબારી કરે તે મહત્ત્વનું.



સરકારના PPP મોડલની ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે પણ પ્રશંસા કરી છે. કોરોનાના કપરા સમયે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ગુજરાતની પડખે ઊભા રહીને દરેક વ્યવસ્થાઓમાં મદદગાર બન્યા હતા અને ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે ગૃહ મંત્રાલય, રક્ષા મંત્રાલય (DRDO) અને રાજ્ય સરકાર દ્વારા ૯૦૦ બેડની ધનંતરી કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલ શરૂ કરાવી હતી.


ગુજરાતમાં કોરોનાના દર્દીઓ માટે રાજ્યમાં સરકારી અને ખાનગી મળીને કુલ ૫૫,૫૫૯ બેડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ૧, ૭૦૦ ધનવંતરી રથ કાર્યરત છે જેના દ્વારા ૨ કરોડ ૫૦ લાખથી વધુ લોકોને OPD સેવાઓ પ્રદાન કરવામાં આવી છે. WHOએ ધનવંતરી રથની પ્રશંસા કરીને અન્ય દેશોને પણ આ મોડલને અનુસરવા ભલામણ કરી છે. ગુજરાત રાજ્યનો રિકવરી રેટ ૯૮.૭૦% છે અને અત્યારે ગુજરાતમાં ફક્ત ૧૫થી ૨૦ કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાત સરકારના પરિણામલક્ષી એપ્રોચ અને નાગરિકો-વેપારીઓ-ઉદ્યોગકારો ટ્રાન્સપોર્ટરો-સખીમંડળો માટે રૂ. ૧૪, ૦૦૦ કરોડના આત્મનિર્ભર ગુજરાત પેકેજ જાહેર કરી બધાના ધંધા રોજગાર ચાલુ રખાવ્યા છે અને લાખો લોકોની રોજગારી ચાલુ રખાવી છે તે બદલ આ પ્રદેશ કારોબારી અભિનંદન પાઠવે છે.

ગુજરાતમાં સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજનાના અંતર્ગત ખેડૂતોને અલગ-અલગ સહાય કરવામાં આવી, છેલ્લા પાંચ વર્ષમાં અભૂતપૂર્વ રૂપિયા ૧૯,૦૦૦ કરોડથી વધુની ખેતપેદાશોની ટેકાના ભાવે ગુજરાતમાં ખરીદી કરવામાં આવી. ભૂતકાળમાં ખેડૂતોને ૧૨ અને ૧૪૧૦નું વ્યાજથી પાક ધિરાણ મળતું હતું, વર્તમાનમાં ગુજરાતમાં ઝીરો ટકા વ્યાજથી રૂ. ૩ લાખ સુધીનું પાક ધિરાણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે, ૪૮ લાખ જેટલા ખેડૂતોએ ઝીરો ટકા વ્યાજ સહાયનો લાભ મેળવ્યો છે અને રૂપિયા ૩૨ હજાર કરોડની તેમને વ્યાજ રાહત મળી છે. લાંબા સમયથી ગુજરાતના ખેડૂતોની માંગણી હતી કે તેમને ખેતી માટે દિવસે વીજળી આપવામાં આવે, કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત હવે રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી આપવાની શરૂઆત થઈ ગઈ છે. ૪,૦૦૦ જેટલા ગામોના ૩ લાખ ૩૮ હજાર જેટલા ખેડૂતોએ આ યોજનાનો લાભ લીધો છે. ખેડૂતોના રાતના ઉજાગરાઓનો અંત લાવનારી અને જીવજંતુઓ કરડવાના ભયમાંથી મુક્તિ અપાવનારી આ કિસાન સૂર્યોદય યોજના માટે અને ખેડૂત હિતના સર્વે નિર્ણયો માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારને આ પ્રદેશ કારોબારી ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

ગુજરાતમાં આદિવાસી બાંધવોને જમીનની સનદ આપવામાં આવી. ૯૦ લાખથી વધુ આદિવાસીઓને પેસા એકટના સુદૃઢ અમલથી આર્થિક લાભ થયો. ૯૬ હજારથી વધુ આદિવાસીઓને વ્યક્તિગત અને સામુદાયિક જમીની દાવાની ૧૪ જિલ્લાની અંદર મંજૂર કરવામાં આવ્યા. આદિવાસી રાષ્ટ્રીય મ્યુઝિયમ અને એકલવ્ય મોડેલ સ્કૂલના નિર્માણ માટે તેમજ પેસા એકટના અસરકારક અમલ માટે અને જંગલ ખેડે એની જમીનના નિર્ણયથી લાખો આદિવાસીઓ જમીનના માલિક બન્યા છે માટે આજની આ કારોબારી આ સંવેદનશીલ નિર્ણયો માટે ગુજરાતની ભાજપા સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

ગુજરાતમાં ગૌહત્યા વિરુદ્ધ અને ચેઈન સ્નેચર્સ વિરુદ્ધ કડક કાયદાઓ બનાવવામાં આવ્યા, રાજ્યની શાંતિ સલામતી છિન્નભિન્ન કરવાનો બદઈરાદાઓ ધરાવતાં ગુંડાતત્ત્વોને નેસ્તનાબૂદ કરવા ગુંડા એક્ટની અમલવારી કરી. સરકારી, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની, જાહેર ટ્રસ્ટોની, ધાર્મિક સંસ્થાઓની, ખાનગી માલિકીની અને ખેડૂતોની જમીન હડપ કરી જનારા ભૂમાફિયાઓ પર સકંજો કસવા ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એકટ-૨૦૨૦ બનાવવામાં આવ્યો. લલચાવી-ફોસલાવીને લગ્ન કરીને ધર્મ પરિવર્તન કરનારા જેહાદીઓની વિરુદ્ધમાં લવ જેહાદનો કડક કાયદો લાવીને બહુમતી સમાજની દીકરીઓને સુરક્ષિત કરવાનું કાર્ય ગુજરાતની ભાજપ સરકારે કર્યું છે. ગુજરાત સરકાર દ્વારા લેવાયેલા કડક નિર્ણયો અને અમલમાં મુકાયેલા કડક કાયદાઓને કારણે બહેન-દીકરીઓ સલામત અને સુરક્ષિત છે. ગુજરાતને સૌથી સુરક્ષિત રાજય બનાવવા બદલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારને આ પ્રદેશ કારોબારી અભિનંદન પાઠવે છે.

તાઉ-તે વાવાઝોડું આવ્યા બાદ





## કેટલી સહજ રીતે પાયા સુધી પહોંચવું તેનું ઉત્તમ ઉદાહરણ શ્રી સી. આર. પાટીલનું કામ છે - શ્રી સુધીરજી ગુપ્તા

- શ્રી સી. આર. પાટીલજી સાથે સંસદમાં કામ કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે.
- કેટલી સહજ રીતે પાયા સુધી પહોંચવું તેનું ઉત્તમ ઉદાહરણ તેમનું કામ છે.
- મા અંબાજી અમારી પણ કૂળદેવી છે. ગુજરાત સાથેનો નાતો પારિવારિક છે.
- ગુજરાત પાસે ઊર્જાનો સંપુટ છે.
- ભગવાન કૃષ્ણ ઉત્તરપ્રદેશથી દ્વારકા આવ્યા અને શ્રી નરેન્દ્રભાઈ મોદીને નવેસરથી ઇતિહાસ લખવા જ ગુજરાતથી ઉત્તરપ્રદેશ મોકલ્યા.
- આ ટીમ વિચારધારાથી જોડાયેલી છે. આપની શ્રેષ્ઠતા પક્ષ, સમાજ અને રાષ્ટ્રને આપશો તેવી અપેક્ષા.

તુરંત માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની મુલાકાત લઈને ૧,૦૦૦ કરોડની વાવાઝોડા સહાય જાહેર કરી, દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે વાવાઝોડા દરમિયાન રાહત અને બચાવ કામગીરી માટે તાત્કાલિક એનડીઆરએફની ટીમો મોકલી આપી હતી. કેન્દ્ર સરકારે ગુજરાતને કરેલી અપાર મદદ બદલ આ કારોબારી એમને અભિનંદન પાઠવે છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ પ્રદેશ ભાજપાના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સહિતના સર્વે આગેવાનોએ વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને લોકોને સાંત્વના આપી હતી. રાજ્ય સરકારે તાત્કાલિક સર્વે કરાવીને ૫૦૦ કરોડનું ખેડૂતો માટે અને ૧૧૫ કરોડનું માછીમારો માટે આર્થિક પેકેજની ભૂતકાળમાં ક્યારેય ન કરી હોય તેટલી સહાયની જાહેરાત કરી હતી. ગુજરાતની જનતાને સંકટના સમયે સાથ આપનાર ગુજરાતની ભાજપ સરકારને આ કારોબારી અભિનંદન પાઠવે છે.

યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે લર્નિંગ વિથ અર્નિંગના અભિનવ અભિગમ સાથે મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજનાની શરૂઆત કરવામાં આવી. આ યોજના અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં ૨ લાખ ૩૦ હજારથી વધુ યુવાનોને અભ્યાસની સાથે પ્રતિમાસ રૂપિયા ૩,૦૦૦થી ૪,૫૦૦નું સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. ગુજરાતમાં ભારતના સૌથી વધુ ૨૪% એપ્રેન્ટિસ નોંધવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ૨,૦૮૫ રોજગાર ભરતી મેળા દ્વારા ૧૭ લાખ યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. ગુજરાતમાં મહિલાઓ માટે પણ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૪૩,૦૦૦ ઉપરાંત મહિલાઓને રોજગારી મળી છે. આગામી દિવસમાં રાજ્ય સરકાર એક લાખથી વધુ યુવાનોને સરકારી નોકરી માટે ભરતી કરવા જઈ રહી છે. ડિજિટલ ઇન્ડિયાના રૂપિયા ૧,૦૦૦ની ટોકન કિંમતે લેટેસ્ટ ટેબલેટ આપ્યા છે. યુવાનો માટે મેડિકલ કોલેજો અને સીટોમાં વધારો કરનાર અને યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે રોજગારીની નવી તકો સર્જનાર રાજ્યની ભાજપ સરકારને આ પ્રદેશ કારોબારી ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

નારીશક્તિને પગભર બનાવવા માટે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત ૧૦ લાખ મહિલાઓને ઝીરો ટકા વ્યાજે રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૧,૦૦૦ કરોડની લોન સહાય કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ૫૦ હજાર અને શહેરી વિસ્તારોમાં ૫૦ હજાર મળીને કુલ એક લાખ મહિલા સ્વસહાય જૂથની રચના પણ કરવામાં આવી છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત શ્રમિકોની ચિંતા કરી છે. સાગરખેડુ યોજના અંતર્ગત સાગરખેડુ માછીમાર ભાઈઓની ચિંતા કરી છે. સીએમ કેશ બોર્ડ દ્વારા પારદર્શી વહિવટનો ઉત્તમ નમૂનો રાજ્ય સરકાર દ્વારા પૂરો પાડવામાં આવ્યો છે. સેવા સેતુ અને ઈ-સેવા સેતુ અને ઓનલાઈન બિન ખેતી (NA) દ્વારા જનસુવિધાના લાભ ઘરઆંગણે લોકોને રાજ્ય સરકાર દ્વારા પૂરા પાડવામાં આવ્યા છે.

શહેરી વિકાસને ઝડપી બનાવવા ૪૨૫ ટીપી સ્કીમો અને ૪૦ ડિપી સ્કીમોને મંજૂરી આપવામાં આવી છે. ઈ-વ્હીકલ પોલિસી દ્વારા પ્રદૂષણમુક્ત ગુજરાત બનાવવાની દિશામાં રાજ્ય સરકારે પગલાં ભર્યાં છે. રો-રો ફેરી સર્વિસ, સી-પ્લેન સર્વિસ, ગિરનાર ખાતે રોપ-વે, સોમનાથ સમુદ્ર દર્શનપથ-પ્રદર્શની અને શિવરાજપુરના બિચને ડેવલોપ કરીને ગુજરાતને



ટૂરિઝમ ક્ષેત્રે વિશ્વકક્ષાએ મૂકવાનો પ્રયાસ કેન્દ્ર અને રાજ્ય સરકારે કર્યો છે. ગુજરાતને સર્વોત્તમ બનાવવાની દિશા માટે કરેલાં સર્વે કાર્યો માટે આ કારોબારી માનનીય માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.


## રાજકીય પ્રસ્તાવ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ કારોબારી સૌ પ્રથમવાર વિશ્વની સૌથી મોટી અને મહાન પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સાન્નિધ્ય તેમજ મા નર્મદાની સાક્ષીએ મળી રહી છે. ભાજપની ગુજરાત પ્રદેશ કારોબારી, વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને નેતૃત્વમાં એક મજબૂત, સુરક્ષિત, સમૃદ્ધ, સ્વાભિમાની અને જીવંત ભારતના સપનાને સાકાર કરવા માટે સમર્પિત અને પ્રતિબદ્ધ છે. ભારતની સ્વતંત્રતાનું ૭૫મું વર્ષ શરૂ થયું છે ત્યારે માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૧મી સદીનું ભારત વિશ્વગુરુ બનવા તરફ અગ્રેસર છે. અને તેથી જ, સમાજ વ્યવસ્થામાં આપણે જ્યાં પણ હોઈએ, સામાજિક, આર્થિક વ્યવસ્થામાં આપણું સ્થાન જ્યાં પણ હોય, પરંતુ આપણે સહુએ સાથે મળીને આઝાદીના આ અમૃત મહોત્સવમાંથી એક નવી પ્રેરણા પ્રાપ્ત કરવાની છે, ૨૦૪૭માં દેશ જ્યારે આઝાદીની શતાબ્દી ઊજવવાનો છે એ અનુસંધાનમાં એક નવો સંકલ્પ લઈને આગળ વધવાનું છે. ૧૦૦ વર્ષની ભારતની સ્વતંત્રતાની યાત્રાનાં ૨૫ વર્ષની આપણી પાસે સિલક છે. આ ૨૫ વર્ષમાં આપણે દેશને કઈ ઊંચાઈએ લઈ જવો છે, વિશ્વમાં ભારતનું સ્થાન ક્યાં પહોંચાડવું છે, એ ધ્યેય સાથેનો એક સંકલ્પ પ્રત્યેક દેશવાસીના હૃદયમાં હોવો જોઈએ. આ માહોલ સર્જવાની કામગીરીમાં ગુજરાત ભાજપ સૌથી અગ્રેસર હોય એ જોવાની જવાબદારી આપણા સૌની છે.

છેલ્લાં સાત વર્ષમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભાજપ સરકારે અનેક ઐતિહાસિક નિર્ણયો લીધા છે. આ નિર્ણયોએ ભારતના પાઠ્યપુસ્તકના ઈતિહાસની ધારા બદલી નાંખી છે અને ભારતને એક આત્મનિર્ભર, આત્મવિશ્વાસી અને જવાબદાર વૈશ્વિક મહાશક્તિ બનવા તરફ અગ્રેસર કર્યો છે. એમાંથી જ ઊભી થયેલી ભારતના ૧૩૦ કરોડ નાગરિકોની સંકલ્પશક્તિનું પ્રતિબિંબ છે, કે કોરોના મહામારી જેવા ભયાનક વિકટ અને વિપરીત સમયગાળામાં પણ આ દેશ પોતાના પ્રગતિના પંથેથી ચલિત થયો નથી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર દ્વારા આપવામાં આવેલો સૌથી જીવંત અને ગતિશીલ શાસન અને નીતિ મંત્ર 'આત્મનિર્ભર ભારત' છે. આત્મનિર્ભર ભારત અને અંત્યોદય એ ભાજપની શાસન દૃષ્ટિ અને આકાંક્ષા રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'વોકલ ફોર લોકલ'ના આહ્‌વાને દેશને ઉત્સાહિત કર્યો છે. વિશેષ કરીને યુવાનોમાં વધુ ઉત્સાહ પેદા કર્યો છે. આપણા દેશના કારીગરોનાં જીવન 'વોકલ ફોર લોકલ'ના લીધે બદલાઈ રહ્યાં છે અને વૈશ્વિક બ્રાંડ તરીકે ભારતના અદ્વિતીય સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન મળી રહ્યું છે.

ભારતીય જનતા પાર્ટીએ હંમેશા મૂલ્યોનું પાલન કર્યું છે. ભાજપે શાસનમાં લોકતાંત્રિક મૂલ્યોને અખંડ રાખ્યાં છે. ગુજરાતમાં તેમજ કેન્દ્રમાં સત્તામાં આવ્યા પછી ભાજપે હંમેશા આપેલાં ઐતિહાસિક વચનો નિભાવવાનું કામ કર્યું છે. ભાજપ સરકારે મહિલાઓનાં હિતોને પ્રાથમિકતા આપવા સાથે મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ પર ધ્યાન આપ્યું છે. તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ત્રણ તલાક જેવા કાયદા છે. મુસ્લિમ બહેનોને અન્યાયકર્તા ત્રણ તલાક વિરોધી ખરડો આવ્યો ત્યારે કોંગ્રેસે આ ખરડોનો વિરોધ કર્યો, મુસ્લિમ બહેનોને મળી રહેલા ન્યાય સામે સવાલો કરી મુસ્લિમ બહેનોનું અપમાન કર્યું. ભૂતકાળમાં પણ આજ કોંગ્રેસે ત્રણ તલાકનો ભોગ બનેલાં શાહબાનો નામનાં મુસ્લિમ મહિલાને ભરણપોષણ આપવા સર્વોચ્ચ ન્યાયાલયે ચુકાદો આપ્યો તે મુજબ શાહબાનોને ન્યાય આપવાના બદલે રાજીવ ગાંધીએ કોર્ટના ચુકાદાને પલટી નાંખી તુષ્ટિકરણની તેની કાયમી પરંપરાને ઉજાગર કરી હતી.

રામજન્મભૂમિ પર ભવ્ય અને દિવ્ય મંદિર બને એ કરોડો લોકોનું સપનું હતું. ભાજપ માટે તો એ મુદ્દો હૃદય સાથે જોડાયેલો છે, પરંતુ રામમંદિર નિર્માણમાં વિરોધી પરિબળો શરૂઆતથી જ અડચણો ઊભી કરી રહ્યા છે. કોંગ્રેસે શ્રી રામમંદિરનો હંમેશાં વિરોધ કર્યો. સર્વોચ્ચ





**આપણા નાના કાર્યકર્તાની નાની ભૂલ પણ મોટા સમાચાર બને છે કારણ કે પ્રજાની અપેક્ષા આપણી પાસે વિશેષ છે - શ્રી રત્નાકરજી (પ્રદેશ સંગઠન મહામંત્રી)**

- આઝાદીનું અમૃત મહોત્સવ વર્ષ છે.
- નવી પેઢી તો મેઘાના આંદોલનને કદાચ ભૂલી ગઈ હશે.
- આ નર્મદાતટે એક ઈતિહાસ બનાવ્યો છે.
- સરદારના આ પાવનધામે સૌએ એકવાર આવવું પડશે જ.
- દેશભરના કાર્યકર્તાઓ માટે ગુજરાતનો કાર્યકર્તા ઉદાહરણરૂપ છે.
- ડિજિટલ કારોબારી કરીને દેશને નવી દિશા આપી છે.
- આજના સમય સાથે તાલમેલના પ્રયત્ન ગુજરાત ભાજપ સંગઠને કર્યા છે તે સરાહનીય છે.
- પ્રેઝન્ટેશનોમાં માહિતી, જ્ઞાનનો ભંડાર છે.
- ટેબલેટનો યોગ્ય ઉપયોગ થવો આવશ્યક.
- ટેબલેટનો ઉપયોગ નિયમિત રીતે થાય તે જરૂરી.
- અત્યારની પેઢીએ કોંગ્રેસ સમયનું કુશાસન જોયું કે અનુભવ્યું નથી.
- એક કોંગ્રેસીએ પણ કહેલું કે - જે પ્રદેશને વિકસિત બનાવવો હોય ત્યાં ભાજપની સરકાર લાવવી જ જોઈએ.
- આપણે રાજનીતિ આનંદ માટે નહીં, પરિવર્તન અને કલ્યાણ માટે કરીએ છીએ.
- રાષ્ટ્રવાદ અને માનવકલ્યાણ આપણું ધ્યેય છે. સારાપણાની જ આપણી કલ્પના છે.
- કોંગ્રેસનો ભ્રષ્ટાચાર લોકોએ જાણી લીધો છે. કોંગ્રેસ પાસે પ્રજાને બીજી અપેક્ષા પણ નથી, પરંતુ આપણા નાના કાર્યકર્તાની નાની ભૂલ પણ મોટા સમાચાર બને છે કારણ કે પ્રજાની અપેક્ષા આપણી પાસે વિશેષ છે.
- હું મારી જાતને જોડીને કહું છું કે આપણાથી કોઈ નાની પણ ભૂલ ના થાય તેવી આપણા સૌ પાસે સંગઠનની સૌથી મહત્ત્વની અપેક્ષા છે.
- શ્રી સુરેન્દ્રકાકા અને ટીમ જિલ્લા કાર્યાલયો સંદર્ભે કામગીરી કરે છે.
- પેઈજ કમિટીની સાથે સાથે બૂથમાં ૧૫૦ જવાબદાર કાર્યકર્તા આપણી પાસે છે.
- શક્તિકેન્દ્રને મજબૂત કરવું છે. પ્રભારી, પ્રમુખની રચના કરવી જરૂરી લાગે છે.
- ૫૦૦૦૦ બૂથ પર પેઈજ કમિટીની રચના થઈ ગઈ છે
- તેની માસિક બેઠક કરવાનું આયોજન છે.
- ૨૬માંથી ૨૬ લોકસભા આપણે બે વાર જીતી છે તો ૧૮૨માંથી ૧૮૨ વિધાનસભા જીતવી આપણા માટે અઘરી બાબત નથી.
- સોશ્યલ મીડિયાનું મહત્ત્વ સમજવું જરૂરી. પ્રદેશની આ ટીમ પાસે વિશેષ અપેક્ષા છે - આપણે સૌ પૂરી કરીએ તેવી શુભેચ્છા.

ન્યાયાલયમાં શ્રી રામસેતુના કેસમાં સોગંદનામું કરી ભગવાન શ્રીરામને કાલ્પનિક ગણાવ્યા હતા. કોંગ્રેસે આ કેસને પાછો ઠેલવા ભારે પ્રયાસ કરે રાખ્યો હતો પરંતુ અંતે લોક આકાંક્ષાનો વિજય થયો. જયારે રામમંદિર નિર્માણનો માર્ગ કાનૂની રાહે મોકળો થયો છે ત્યારે રામમંદિરની જમીન મામલે ભ્રમ અને જૂઠાણાં ફેલાવી લોકોને ગુમરાહ કરવાનો પ્રયત્ન કોંગ્રેસ અને ઢોંગી સેક્યુલરો કરી રહ્યા છે, એમના આ કૃત્યને પ્રદેશ કારોબારી વખોડી કાઢે છે.

હંગામી કલમ ૩૭૦ની નાબૂદી તથા સી.એ.એ. જેવાં પગલાં પ્રજાએ સ્વીકારી લીધાં હોવા છતાં વિપક્ષો હજુ પણ એ બંને મામલે પ્રજાની ઉશ્કેરણી કરવા તત્પર હોવાનું તેમના વારંવારનાં નિવેદનોથી સ્પષ્ટ થાય છે. ૭૦ વર્ષથી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતામાં બાધક તેમજ આતંકવાદને પોષનારી કલમ ૩૭૦ રદ થતાં જમ્મુ-કાશ્મીર વિકાસના માર્ગે લાવવા કેન્દ્રની ભાજપ સરકાર સક્રિય બની ચૂકી છે. હવે જમ્મુ-કાશ્મીર શાંતિ અને સદ્ભાવના માર્ગે છે ત્યારે કોંગ્રેસ, ટુકડે-ટુકડે ગેંગ અને પાકિસ્તાન સમર્થક દેશના કેટલાક નેતાઓ કલમ ૩૭૦ની પુનઃ બહાલીનો રાગ આલાપી રહ્યા છે. ચીન અને પાકિસ્તાનની ભાષામાં જ વાત કરતી કોંગ્રેસે ફરીથી કાશ્મીરમાં આતંકવાદ અને હિંસાની આગ સળગાવવા માંગતી હોવાનું અને નિર્દોષ નાગરિકો તથા સેનાના જવાનોની હત્યાનો સિલસિલો શરૂ થાય તેમ કોંગ્રેસ ઈચ્છતી હોવાનું ભાજપ પ્રદેશ કારોબારી માને છે.

દેશનો દરેક નાગરિક વર્ષ ૨૦૧૪થી શાંતિ અને સલામતીનો અનુભવ કરે છે અને તેમાંય ખાસ કરીને માનનીયશ્રી અમિતભાઈ શાહે ગૃહમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યાર બાદ દેશ વધુ સુરક્ષિત બન્યો છે. આતંકવાદ-નક્સલવાદ જેવી દેશઘાતી સમસ્યા પર અંકુશ આવ્યો છે તેમજ રાષ્ટ્રીય સુરક્ષાના મામલે દેશ રાહત



અનુભવે છે. કલમ ૩૭૦, સી.એ.એ. જેવાં પગલાં દેશની એકતા અને અખંડિતતા વધારે મજબૂત બની હોવાની લાગણી દરેક રાષ્ટ્રવાદીઓને થાય છે. શ્રી અમિતભાઈની બાહોશ વહીવટી કુશળતાને ધ્યાનમાં લઈને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારિતાનું એક અલગ મંત્રાલય શરૂ કરીને તેના સૌપ્રથમ મંત્રી તરીકેની જવાબદારી અમિતભાઈ શાહને સોંપી છે. ગુજરાત ભાજપ પ્રદેશ કારોબારી આ અંગે હર્ષની લાગણી વ્યક્ત કરે છે.


તાજેતરમાં પ. બંગાળની વિધાનસભા ચૂંટણી પરિણામો પછી બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસપ્રેરિત રાજકીય હિંસાએ માઝા મૂકી છે. બોમ્બમારામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા. ભાજપના ૯૦થી વધુ કાર્યકર્તાની હત્યાઓ થઈ છે. ભાજપને મત આપનાર લોકોની દુકાનો અને મકાનો સળગાવી દેવામાં આવ્યાં. સૌથી વધુ હત્યા આપણા અનુસૂચિત જાતિના બંધુઓની થઈ. વ્યક્તિગત અને જાહેર સંપત્તિને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું. લોકતંત્ર અને બંધારણની સરેઆમ હત્યા થઈ રહી છે છતાં દરેક ફેબ્રીકેટેડ ઘટનાઓને લઈને દેશમાં હોબાળો મચાવનારી કોંગ્રેસ અને ઢોંગી સેક્યુલર પરિબળો આશ્ચર્યજનક રીતે બંગાળની હિંસા અને હત્યાઓના મામલે સદંતર ચૂપ રહીને દેશહિત વિરુદ્ધ એક પ્રકારે ગુનાહિત કૃત્ય આચરી રહ્યા છે.

ત્રાસવાદીઓ વિરોધી સર્જિકલ સ્ટ્રાઈક તથા બાલાકોટ એરસ્ટ્રાઈક સામે શંકા ઉઠાવનાર કોંગ્રેસને મજબૂત ભારત પસંદ નથી ! ડોકલામ ખાતે ચીન અતિક્રમણ કરવા પ્રયાસ કરી રહ્યાં હતું ત્યારે ભારતીય સેનાએ ૭૨ દિવસ તેમનો સામનો કરીને ચીનના મનસૂબા પર પાણી ફેરવી દીધું હતું. એ વખતે ભારતીય સેનાનું મનોબળ વધારવાના બદલે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ચીની દૂતાવાસની ગુપ્ત મુલાકાતે પહોંચી ગયા હતા.

દેશની પ્રજાની લાગણીને માન આપીને આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કારનું નામ બદલી દેશના મહાન હોકી ખેલાડી ‘મેજર ધ્યાનચંદ ખેલરત્ન પુરસ્કાર’ નામકરણ કરવાનો યોગ્ય નિર્ણય લીધો ત્યારે પણ કોંગ્રેસે આ નિર્ણયનો વિરોધ કરી દેશની ભાવનાનું અપમાન કરવાની એની કાયમી માનસિકતાને પ્રદર્શિત કરી હતી. છેલ્લાં સિત્તેર વર્ષથી પૂર્વ ભારતને યોજનાબદ્ધ વિકાસથી વંચિત રાખવાના પ્રયાસો થતા રહ્યા. વર્ષ ૨૦૧૪ પછી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર આવ્યા પછી પૂર્વ ભારત વિકાસના એજન્ડામાં આવ્યું. ખૂબ ઝડપથી દરેક ક્ષેત્રે વિકાસ થવા લાગ્યો છે. રોજગાર અને રસ્તા બંને ઝડપથી વિકસી રહ્યા છે, પરંતુ કોંગ્રેસ હવે યોજનાબદ્ધ આ વિસ્તારને અશાંત કરવાના પ્રયત્નો કરી છે. આસામ અને મિઝોરમ વચ્ચે સીમાવિવાદ થયો ત્યારે કોંગ્રેસે રાજકીય ફાયદો ઉઠાવવા હિંસા માટે લોકોને ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો હતો, કોંગ્રેસનાં આવાં દેશવિરોધી કરતૂતોને પ્રદેશ કારોબારી સખત શબ્દોમાં વખોડે છે.

ભારતના સંસદીય ઇતિહાસમાં પહેલીવાર કેન્દ્રની ભાજપ સરકારમાં ઓ.બી.સી. સમાજના ૨૭ સાંસદો મંત્રી બન્યા, દલિત સમાજના ૧૨ સંસદ સભ્યો મંત્રી બન્યા અને ૧૨ મહિલા સંસદ સભ્યો મંત્રી બન્યાં. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિવિધ સમાજ અને દેશના પૂર્વોત્તર ભારતને યોગ્ય પ્રતિનિધિત્વ આપી તેમનું ગૌરવ વધાર્યું પરંતુ કોંગ્રેસની ઓ.બી.સી., મહિલા અને દલિતવિરોધી માનસિકતા ત્યારે ઉઘાડી પડી ગઈ જ્યારે દેશનાં ગામડાની પૃષ્ઠભૂમિના ખેડૂત, મહિલા, દલિત, આદિવાસી પરિવારમાંથી આવતા લોકોનો સંસદમાં મંત્રી તરીકે પરિચય આપવામાં આવી રહ્યો હતો ત્યારે કોંગ્રેસના લોકો દુઃખી થઈ ગયા. કોંગ્રેસના સભ્યો દલિત સમાજના પ્રતિનિધિઓનાં નામ સાંભળવા તૈયાર નહોતા. કોંગ્રેસ સહિત વિરોધ પક્ષની આ પ્રકારની વિકૃત માનસિકતા સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં ગૃહ દ્વારા પ્રથમ વખત જોવામાં આવી છે, એ દેશ માટે શરમજનક છે.

દેશ સંકટની ઘડીમાં હોય ત્યારે પ્રજા અને નેતૃત્વની પરખ થાય છે. ભારતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સંકટ સમયના સાચા સાથી પુરવાર થયા. એક તરફ કોંગ્રેસ સહિત દેશના વિરોધ પક્ષોની તદ્દન નકારાત્મક માનસિકતા અને બીજી તરફ માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે કોરોના મહામારીમાં વિવિધ પ્રકારના અસાધારણ પડકારોનો સામનો કરી જે રીતે દેશનું યોગ્ય માર્ગદર્શન કર્યું તે અદ્વિતીય અને અનન્ય છે. માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને નેતૃત્વમાં થયેલા મહામારી કાળમાંના



**જીવન પરિવર્તન કરનારી કામગીરી કેન્દ્ર અને રાજ્ય સરકારે કરી છે ત્યારે હૃદયના ઉમળકાથી અભિનંદન પાઠવું છું**
**- ડૉ. ભારતીબેન શિયાળ (રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ)**



- **૨૦૧૪માં ધુરા સંભાળી - ૪૩ કરોડ ગરીબોને જનધન ખાતાધારકો બનાવ્યા અને અનેક યોજનાઓને લીધે અનેકોને લાભ મળ્યો.**
- **વિશ્વનો સૌથી યુવા દેશ.**
- **મુદ્રા લોન - ૩૯ કરોડ લોકોએ લોન લીધી - ૧૫ લાખ કરોડ રૂપિયા લોન અપાઈ - ૯૨,૫૮,૦૦૦ યુવાનોએ લાભ લીધો.**
- **ગુજરાત - ૬૩,૦૦૦ કરોડની લોન ફાળવાઈ.**
- **દેશભરમાં ૭૬% મહિલા લાભાર્થી.**
- **OBC Bill દ્વારા સત્તા રાજ્ય સરકારને મળી.**
- **અંત્યોદયને સાર્થક કરી બતાવ્યો.**
- **જીવન પરિવર્તન કરનારી કામગીરી કેન્દ્ર અને રાજ્ય સરકારે કરી છે ત્યારે હૃદયના ઉમળકાથી અભિનંદન પાઠવું છું.**
- **CR, VR અને NRની જોડીને શુભેચ્છા પાઠવું છું.**

ઉત્કૃષ્ટ પ્રજાલક્ષી કાર્યોના પ્રયાસોને પ્રદેશ કારોબારી બિરદાવે છે. બીજી તરફ, કોરોનાકાળમાં લોકોને મદદ કરવાના બદલે કોંગ્રેસે શ્રમજીવીઓને ભડકાવી પલાયન કરવા વિવશ કર્યા અને પછી તેનું ભાડું આપવાનું નાટક કર્યું. મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસો આવ્યા. પંજાબમાં અને રાજસ્થાનમાં રસીને કાં તો વેડફી દેવામાં આવી અથવા ખાનગી હૉસ્પિટલોને વેચી દેવામાં આવી.

અન્ય રાજકીય પક્ષો જે સમયે આખા દેશને ગેરમાર્ગે દોરવામાં ગળાડૂબ છે ત્યારે ગુજરાત ભાજપ પ્રદેશ કારોબારી સૌથી અગત્યની એ વાતની નોંધ લેતાં ગૌરવ અનુભવે છે કે, પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જગતપ્રકાશ નડ્ડાએ એક નવા પ્રેરણાદાયી અભિયાનનો શુભારંભ કર્યો છે જે અંતર્ગત આખા દેશમાં લાખો 'સ્વાસ્થ્ય સ્વયંસેવક' તૈયાર કરવામાં આવશે. આરોગ્યના યોગ્ય પ્રશિક્ષણ સાથે દેશના પ્રત્યેક ગામમાં તૈયાર થનાર આ સ્વાસ્થ્ય સ્વયંસેવકો વર્તમાન કોવિડ-૧૯ મહારોગ સંદર્ભે ગામે-ગામમાં જાગૃતિ ફેલાવશે, એટલું જ નહીં પરંતુ ભવિષ્યમાં આપણા દેશમાં આવી કોઈ ગંભીર સ્થિતિ પેદા ન થાય તે માટે અત્યારથી દેશવાસીઓને જાગૃત કરશે. ગુજરાતમાં પણ ભાજપના પ્રદેશ અધ્યક્ષ માનનીયશ્રી સી. આર. પાટીલજીના નેતૃત્વ હેઠળ બે લાખ 'સ્વાસ્થ્ય સ્વયંસેવકો' તૈયાર થશે.

દેશ કોરોનાની બીજી લહેરની ભારે પીડાદાયક અને પડકારજનક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હતો એ જ સમયે કોંગ્રેસની એક ટૂલકિટ પ્રકાશમાં આવી હતી જેણે આખા દેશને ચોંકાવી દીધો હતો. નવું આધુનિક સંસદભવન તેમજ તમામ કેન્દ્રીય કાર્યાલયો એક જ જગ્યાએ રાખવાની સેન્ટ્રલ વિસ્ટા યોજના અંગે તેમજ કહેવાતા ખેડૂત આંદોલન સંદર્ભે કોંગ્રેસ ઉપરાંત વિપક્ષો હજુ પણ દેશને ગેરમાર્ગે દોરે છે તેને ગુજરાત ભાજપ પ્રદેશ કારોબારી સખત શબ્દોમાં વખોડી કાઢે છે. કપરાકાળ દરમ્યાન ગુજરાત અને રાષ્ટ્રના લોકો વચ્ચે ખોટી માહિતી ફેલાવવાનું દુષ્કૃત્ય કરવાના આ જઘન્ય અપરાધને જનતા ક્યારેય માફ નહીં કરે. કોંગ્રેસના આવા કૃત્યને છેલ્લી કક્ષાનું છીછરું રાજકારણ ગણીને આ પ્રસ્તાવ દ્વારા વખોડી કાઢવામાં આવે છે. એ જ રીતે પેગાસ મામલે ખોટો વિવાદ ઊભો કરી વિપક્ષ તેની દેશવિરોધી માનસિકતા છતી કરી છે. વિદેશી તાકાતોનો હાથો બની કોંગ્રેસ ભારતની પ્રતિષ્ઠાને નુકસાન કરી રહી છે. સંસદનું ચોમાસુ સત્ર શરૂ થાય એ પહેલાં જ પેગાસનો મુદ્દો ઉછાળવાનું કૃત્ય વિપક્ષની દેશવિરોધી માનસિકતા છતી કરે છે. કોંગ્રેસ સત્તાવિમુખ થયા પછી વિપક્ષ તરીકેની રચનાત્મક ભૂમિકા ભજવવાને બદલે વિકાસની રાજનીતિનો ઠાલો વિરોધ કરી રહી છે.

કોંગ્રેસ સહિત-વિપક્ષો માત્ર ભાજપવિરોધી જ નથી પણ તેઓ પ્રજાવિરોધી માનસિકતાથી પણ પીડાય છે. ભાજપ સરકારની અનેક લોકકલ્યાણકારી યોજના વિપક્ષોએ એમના શાસન હેઠળનાં રાજ્યોમાં અમલમાં મૂકી નથી. કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ સહિતના વિપક્ષોએ ગરીબો માટે ખૂબ જ આશીર્વાદરૂપ આયુષ્યમાન યોજના લાગુ ન કરી એટલું જ નહીં પણ આ યોજનાનો વિરોધ કર્યો. એ જ રીતે ડિજિટલ ઈન્ડિયા યોજનાનો પણ કોંગ્રેસે વિરોધ કર્યો હતો. કોંગ્રેસ દેશને પ્રગતિ તરફ લઈ જનાર 'મેક ઈન ઈન્ડિયા'




યોજનાનો પણ વિરોધ કરી રહી છે. કોંગ્રેસે મજૂર વિરોધી અને ગરીબવિરોધી વલણ અપનાવ્યું હતું. કોરોના લૉકડાઉનના કારણે ધંધા-રોજગારને અસર પડી પણ દેશે પોતાના નાગરિકોને ભૂખે સૂવા દીધા નહીં. કમનસીબે દુનિયાના અનેક દેશોમાં આ સંક્રમણની સાથે સાથે ભૂખમરાનું ભીષણ સંકટ પણ આવી પડ્યું છે, પરંતુ ભાજપ સરકારે સંક્રમણના સંકેતના પ્રથમ દિવસથી જ આ સંકટ ઓળખી લીધું હતું અને તેની સામેના બચાવ અને રક્ષણ માટે કામ કર્યું હતું. આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારનો ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દેશના ૮૦ કરોડ ગરીબ લોકોને મત અનાજ આપવાનો નિર્ણય તેમજ કિસાન, મહિલા, દલિત, આદિવાસી, યુવાનો તથા દેશહિતના લીધેલા નિર્ણયો એ ભાજપ સરકારનો ‘સૌનો સાથ સૌનો વિકાસ’ એ મંત્રને ચરિતાર્થ કરે છે.

એ જ રીતે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના લાખો કાર્યકર્તા પ્રાણની પરવા કર્યા વગર કોરોના મહામારી સમયે લોકસેવામાં લાગેલા હતા ત્યારે ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટી તદન આઈસોલેટ બની ગઈ હતી, એટલું જ નહીં વેક્સિન અને ઓક્સિજન જેવા મામલે લોકોને ગુમરાહ કરી ગુજરાત વિરોધી માનવતા વિરોધી માનસિકતા પ્રદર્શિત કરી રહી હતી. કોરોના મહામારી સમયે રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં લોકસેવા અને કોરોના મહામારીના પડકારોનો સામનો કરવા ઉઠાવેલાં પગલાં અસાધારણ છે. ગુજરાતની પ્રજાનો ભાજપ પર અતૂટ વિશ્વાસ અખંડ રહ્યો છે. કોરોના મહામારીના કપરા સમયે થયેલી ચૂંટણીઓમાં પણ ગુજરાતની પ્રજા ભાજપની પડખે ઊભી રહી. ભાજપ સંગઠન અને ગુજરાતની ભાજપ સરકાર પ્રત્યે હર હંમેશ પોતાનો વિશ્વાસ જાળવી રાખ્યો છે. પ્રદેશ પ્રમુખથી લઈ પેજ સમિતિ સુધીના ભાજપના લાખો કાર્યકર્તા પ્રદેશ અધ્યક્ષ માનનીય શ્રી સી. આર. પાટીલજીના નેતૃત્વમાં અભૂતપૂર્વ ઉત્સાહ સાથે પ્લાનિંગ બનાવી પ્રજાની સેવામાં લાગેલા છે.

ગુજરાતમાં ભાજપ સરકાર અને સંગઠનના પ્રયાસોથી ગુજરાતે કોરોનાના સંક્રમણ સામે ઊંચો રિકવરી રેટ હાંસલ કરી સમગ્ર દેશમાં એક અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું છે. કોરોનામુક્ત ગુજરાત કરવાની સાથે સાથે અનેક માનવીય પગલાં ભાજપ સરકારે ઉઠાવ્યાં, તેમાં ૧૮ વર્ષ સુધીની ઉંમરનાં બાળકો જેમણે મા અથવા બાપ કે મા-બાપ બંનેને કોરોના મહામારીમાં ગુમાવ્યાં છે એવા બાળકોને આર્થિક માપદંડ રાખ્યા વગર ૪,૦૦૦ રૂપિયા દર મહિને આપવામાં આવશે તેમજ આ અનાથ બાળકોનો અભ્યાસ ૧૮ વર્ષ પછી પણ ચાલુ રહ્યો હશે તો એમને ‘આફ્ટર કેર યોજના’માં સામેલ કરી ૨૧ વર્ષની ઉમર સુધી ૬,૦૦૦ રૂપિયાની આર્થિક મદદ દર મહિને આપવામાં આવશે. ભાજપ સરકારે કોરોના મહામારીની સંભવિત ત્રીજી લહેરને નાથવા આગોતરું આયોજન કર્યું છે તેને પ્રદેશ કારોબારી પ્રજા હિત જ સવોપરી છે તેમ માને છે. કોરોના કાળમાં સૌથી નકારાત્મક અને માનવતાવિરોધી વલણ વિરોધ પક્ષોનું રહ્યાં હતું જેમણે વેક્સિનથી લઈને ઓક્સિજન જેવા મામલે લોકોમાં જૂઠાણાં, અફવા અને ભ્રમ ફેલાવ્યાં. તમામ વિપક્ષોની એ પ્રજાવિરોધી માનસિકતાને આ કારોબારી વખોડી કાઢે છે.

ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ પ્રથમ અને બીજા કોરોના વેવમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય શ્રી નડ્ડાજીની પ્રેરણા અને આહ્વાન પર ભારતીય જનતા પાર્ટીના લાખો કાર્યકર્તા કોરોનાની મહામારીમાં ‘સેવા હી સંગઠન’ અને ‘નર સેવા, નારાયણ સેવા’નો મંત્ર લઈ લોકસેવામાં લાગી ગયા હતા. ગુજરાતમાં ભાજપના કાર્યકર્તાઓએ પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલજીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ‘સેવા હી સંગઠન’ અને ‘મારું પેજ કોરોનામુક્ત’ સૂત્ર દ્વારા સતત વિવિધ પ્રકારનાં સેવાકીય કાર્યો તેમજ આયોજનો થકી રાજયના નાગરિકોને સંક્રમણથી બચાવવામાં મદદ કરી. કોરોનાના દર્દીઓ તેમજ ક્વોરન્ટાઈન પરિવારો માટે ૧૭,૩૪૪ આઈસોલેશન બેડની વ્યવસ્થા કરી. ૫૯,૬૪૬ ટિફિન સેવા, ૨,૬૬૪ ઓક્સિજન સેવા, પ્લાઝમા ડોનેશન કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પ, કોવિડ કેર સેન્ટર જેવી સુવિધાઓ ભાજપના કાર્યકર્તાઓએ પૂરી પાડી સેવાક્ષેત્રે એક નવો કીર્તિમાન રચી દીધો હતો.

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ખરીફ પાક અંગેની ન્યૂનતમ સહાય કિંમતો એટલે કે MSPને વર્ષ ૨૦૨૧-૨૨માં વધારી જેથી ખેડૂત ભાઈઓને તેમની ઊપજનો સર્વશ્રેષ્ઠ ભાવ મળી રહે. MSPમાં ગત વર્ષની



સરખામણીમાં અત્યાર સુધીનો સર્વાધિક વધારો સૂચવવામાં આવ્યો. ગુજરાતમાં પણ ભાજપ સરકારે કિસાનોના હિતમાં અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. 'કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત રાજ્યનાં ૫,૪૩૫ ગામોના લગભગ ૪.૪૮ લાખ ખેડૂતોને દિવસે વીજળી આપવાની કામગીરીનો પ્રારંભ કરીને કિસાનો માટે ભાજપ સરકારે સુખ અને સમૃદ્ધિનો સૂર્યોદય કર્યો છે. સમાજના દરેક વર્ગ, દરેક ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા માટે સર્વગ્રાહી પ્રયાસો આદર્યા છે. સંવેદનશીલ અને સબળ નેતૃત્વ અને મજબૂત રાજકીય ઈચ્છાશક્તિની આ કારોબારી વિશેષ નોંધ લે છે.

ગુજરાતમાં કોંગ્રેસે હંમેશાં આપણા આદિવાસી બંધુઓના નામે રાજનીતિ રમી પરંતુ એમને એમના હક્કો અને અધિકાર નહોતા આપ્યા. ભાજપની સરકાર શરૂઆતથી જ આદિવાસીઓના ઉત્થાન માટે સમર્પિત રહી છે. ભાજપ સરકારે વન અધિકાર અધિનિયમ હેઠળ આદિવાસીઓને જંગલની જમીન આપવાના ૧૪ હજાર દાવાઓ મંજૂર કરી ૪૬ હજાર હેક્ટર જમીનના હક્ક આદિવાસીઓને આપ્યા છે. આદિવાસી યુવાનો ડોકટર બને તે માટે રાજ્યના આદિવાસી વિસ્તારોમાં પાંચ મેડિકલ કોલેજ શરૂ કરવાની મંજૂરી પણ આપવામાં આવી છે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રાજ્યમાં આદિવાસીઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે એક લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. વનબંધુ કલ્યાણ યોજનાના બીજા તબક્કામાં રૂ. એક લાખ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની ભાજપ સરકારના સફળ પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૪૮ લાખ ૫૬ હજાર લાભાર્થીઓને રૂ. ૫,૦૬૫ કરોડના લાભ-સહાય તેમજ રાજ્યભરમાં ૩૩ જિલ્લાઓમાં ૧૬,૦૪૮ જેટલા વિવિધ કાર્યક્રમો દ્વારા ૧૩ હજાર કરોડ રૂપિયાના ૧ લાખ ૧૭ હજાર વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યારંભ કરવામાં આવ્યાં છે. પાંચ વર્ષ પૂરાં થવાના અવસરે ભાજપ સરકારે નવ દિવસીય જન સેવાયજ્ઞ અનુષ્ઠાનમાં કુલ મળીને ૧૮ હજાર ૯૮ કરોડથી વધુના સેવાકીય કાર્યો, લાભ-સહાય લોકોને પહોંચાડ્યાં છે.

રાષ્ટ્રગૌરવ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહમંત્રી માનનીયશ્રી અમિતભાઈ શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજી તેમજ ગુજરાતમાં કુશળ સંગઠક પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલજી તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શનમાં ભારતીય જનતા પાર્ટીના લાખો કાર્યકર્તા 'સૌનો સાથ, સૌનો વિકાસ થકી ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટી પર મૂકેલા વિશ્વાસને ચરિતાર્થ કરી જનતાની આશા, આકાંક્ષા, અપેક્ષા અને સપનાંઓને પરિપૂર્ણ કરવા માટે પક્ષ તરીકે ભાજપ અને રાજ્યની ભાજપ સરકાર સંપૂર્ણ સમર્પિત છે.

સૌનો સાથ-સૌનો વિકાસ-સૌનો વિશ્વાસ'માં હવે 'સૌનો પ્રયાસ પણ ઉમેરાયો છે. આ મંત્ર પર ભાજપને ભરોસો છે અને આ મંત્ર ભાજપ માટે પ્રેરણારૂપ બન્યો છે કે વિકાસ, તક, સંભાવનાઓ અને વિકાસનાં ફળ બધા સુધી એકસરખી રીતે પહોંચવાં જોઈએ. ભાજપ સરકાર અને સંગઠનનો સંકલ્પ અને વિશ્વાસ છે કે 'વિકાસમાં કોઈ પાછળ ન રહેવું જોઈએ. ભાજપની મૌલિક સિદ્ધિઓમાં ભાજપની વિચારધારા, સિદ્ધાંતો અને આદર્શોનું પ્રતિબિંબ દેખાય છે, ભાજપનાં કાર્યોમાં પ્રજા અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણનાં દર્શન થાય છે. ભારતીય જનતા પાર્ટી – પ્રદેશ કારોબારી પાર્ટીના કાર્યકરોને આહ્‌વાન કરે છે કે, આવો, સૌ સાથે મળી માનવતાવિરોધી, પ્રજાવિરોધી, ગુજરાતવિરોધી અને વિકાસવિરોધી પરિબળોને નામશેષ કરી ગુજરાતના વિકાસ અને જનતા જનાર્દનની સેવા માટે પરિશ્રમ અને પ્રયત્નોની પરાકાષ્ઠા સર્જી, વિજયધ્વજ લહેરાવીએ.

આપણું એક જ લક્ષ્ય છે :

बड़े निरंतर हो निर्भय,  
गूँजे भारत की जय-जय...  
स्वर्णिम युग को प्रकटाएँगे,  
मन में धारें दृढ निश्चय...  
वीरव्रती बनकर हुँकारें,  
जन-जन का सामर्थ्य बढ़ाएँ।  
दशों दिशा से ज्वार उठेगा,  
कर्म समर्पित हो हर प्राण,  
यश अपयश पर ना हो ध्यान।  
व्यमोही आकर्षण तज दें,  
आलोकित हो शील विनय  
सृजन करें नव शुभ रचनाएँ,  
मंगलमय राष्ट्र सुधा से,  
छलकाएँगे घट अक्षय।



**૧૭ સપ્ટેમ્બર : શ્રી નરેન્દ્રભાઇ મોદી જન્મદિન**



# તાલિબાની વિચારધારા વિધ્વંશ કરે છે, માનવતાવાદી વિકાસની વિચારધારા નવસર્જન કરે છે

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૦૭-૧૦-૨૦૦૧થી ગુજરાત રાજયના મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યો હતો. 'મનોગત'માં સન ૨૦૦૨થી શ્રી નરેન્દ્રભાઈના પ્રત્યેક જન્મદિન નિમિત્તે તેમના આગવા વ્યક્તિત્વમાંથી પ્રગટ થતાં અલગ અલગ પાસાંઓને ઉજાગર કરતા લેખો પ્રસિદ્ધ થયા છે. સન ૨૦૨૧, ૧૭ મી સપ્ટેમ્બરના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે રાષ્ટ્રની સુરક્ષા અને વિશ્વમાં પાંગરી રહેલ તાલિબાની વિચારધારા અંગેના તેમના વિચારો પ્રસિદ્ધ કરવા છે. દરેક સંઘર્ષશીલ અને વિજયી નેતૃત્વની પાછળ એક ચોકકસ પ્રકારની આધાર શિલા હોય છે. તેને આધારે તે આગળ વધે છે. નરેન્દ્રભાઈ મોદી પાસે તો વિચાર છે, સપનાં છે, આયોજન છે અને તેના અમલ માટેની કુશળ શૈલી છે.

૧૫મી ઓગસ્ટના રોજ ભારત સ્વતંત્રતાનો ૭૫મો અમૃત મહોત્સવ હર્ષોલ્લાસ અને ઉમંગથી મનાવી રહ્યો હતો ત્યારે તેના પાડોશી દેશ અફઘાનિસ્તાનમાં તાલિબાને કાબુલ પર કબજો જમાવી દીધો હતો. અફઘાનિસ્તાનમાં કાળરાત્રીની શરૂઆત થઈ અને તાલિબાની વિચારધારા છવાઈ ગઈ.


શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારથી વડાપ્રધાન બન્યા છે ત્યારથી તેઓ વિશ્વશાંતિ અને વિશ્વકલ્યાણ માટે કાર્યરત રહ્યા છે. દુનિયાભરના દેશોએ શ્રી નરેન્દ્રભાઈની આ વિચારધારાને વખાણી છે, આવકારી છે. શ્રી નરેન્દ્રભાઈના જીવન પર સ્વામી વિવેકાનંદના વિચારોની બહુ મોટી અસર છે. સ્વામી વિવેકાનંદે છેક ૧૮૯૩માં વિશ્વશાંતિની વાત કરી હતી. શ્રી નરેન્દ્રભાઈ પણ આ જ વિચારધારા રજૂ કરી રહ્યા છે.

### સ્વામી વિવેકાનંદે સવાસો વર્ષ પહેલાં સૌને ચેતવ્યા હતા

દુનિયાના ઘણા દેશો આજે નાની મોટી આતંકવાદી પ્રવૃત્તિથી પિડાય છે. ૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરનો આતંકવાદી હુમલો એ સમગ્ર માનવજાત પરની માનવતા ઉપરનો મોટો ત્રાસવાદી હુમલો હતો.

જોગાનુજોગ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૮૩ ના રોજ અમેરિકામાં જ વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદે આવા ઝનૂની હુમલાઓનો ઉલ્લેખ અને ઉકેલ આપ્યો હતો. સ્વામી વિવેકાનંદે સમગ્ર વિશ્વના ધર્મગુરુઓને સંબોધતાં કહ્યું હતું કે, પંથવાદ, ધર્માંધતા અને તેમાંથી પેદા થતા ભયંકર ધર્મઝનૂન, આ સુંદર જગતને વરસો સુધી આવરી રહેલ છે. દુનિયાને આ ઝનૂને હિંસાથી ભરી દીધી છે અને માનવલોહીથી વારંવાર રંગી નાખી છે. સંસ્કૃતિઓનો નાશ કર્યો છે અને સમગ્ર પ્રજાઓને નિરાશામય બનાવી છે. આ ત્રાસવાદી રાક્ષસોનું અસ્તિત્વ ન હોત તો, આજના કરતાં માનવસમાજે વધારે પ્રગતિ કરી હોત. આ જગત વધારે સુંદર હોત.

● હેમત ગોહિલ (જામનગર)



### આતંકના જોરે સામ્રાજ્ય ક્ષણજીવી હોય છે

શ્રી નરેન્દ્રભાઈ મૌલિક વિચારક છે. ત્રાસવાદ નાથવા માટેની તેમની વિચારધારા દુનિયાએ સ્વીકારી છે, આવકારી છે. નરેન્દ્રભાઈએ પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ ત્રાસવાદી સંગઠનના સ્થાપક આતંકવાદી મસૂદ અઝહરને આતંકવાદી જાહેર કરવા સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં ઠરાવ રજૂ કરાવ્યો અને ચીને વીટો વાપરી ઠરાવ ઉડાવી દીધો. નરેન્દ્રભાઈ મોદી નિરાશ થયા નહિ, હાર્યા નહિ. આંતરરાષ્ટ્રીય સમુદાયને સતત સમજાવતા રહ્યા, ચાર-ચાર વખત ચીને વીટો વાપર્યો, અંતે ફાંસે પાંચમીવાર ઠરાવ રજૂ કર્યો. ચીનને હવે શરમ આવી. ચીન વિશ્વમાં એકલું અટૂલું પડી ગયું. ઠરાવ પસાર થયો. ભારતની જીત થઈ, અંતે પાકિસ્તાને મસૂદ અઝહરને પકડી જેલ ભેગો કરવો પડયો.

### માનવતાનાં મૂલ્યોને તાલિબાની વિચારધારાથી દબાવી ન શકાય - શ્રી નરેન્દ્રભાઈ મોદી

૨૦ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ ભારતના ગૌરવ, ગર્વ અને આસ્થાના પ્રતીક સમા સોમનાથ મંદિર તીર્થક્ષેત્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ.૮૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ અને થનારા પ્રોજેકટનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું. આ પ્રસંગે સંબોધન કરતાં તેઓએ જણાવ્યું હતું કે, ખંડનાત્મક તત્ત્વો, કે જેઓ આતંકના જોરે સામ્રાજ્ય પેદા કરવા માંગે છે. તેઓ થોડા સમય માટે જ સમાજ પર હાવી થઈ શકે છે, પરંતુ તેમનું અસ્તિત્વ કયારેય કાયમી હોતું નથી. સત્યને અસત્યથી અને માનવતાનાં મૂલ્યોને આ પ્રકારે દબાવી શકાતાં જ નથી. તેમણે આગળ જણાવ્યું હતું કે, આપણી વિચારધારા ઈતિહાસમાંથી કંઈક શીખીને વર્તમાનને સુધારવાની રહી છે. આ સોમનાથ મંદિરને ભૂતકાળમાં અનેકવાર તોડી પાડવામાં આવ્યું અને જેટલીવાર તોડી પાડવામાં આવ્યું તેટલી જ વાર તે ગરિમા અને ગૌરવ સાથે ભવ્ય રીતે ફરીથી ખડું થયું છે. આતંકવાદની વિચારધારાને નાબૂદ કર્યા વિના દુનિયાને તેના ખતરામાંથી બચાવવું શક્ય નથી. આતંકવાદને સંરક્ષણ આપતી તાકાતોનો પણ અંત લાવવો એટલો જ જરૂરી છે. એના માટે આખી દુનિયાએ એક થઈને અભિયાન આદરવું પડશે. ભારતની ભાઈચારાની ભાવના, માનવતાની વિચારધારા અને મૂલ્યવાન સંસ્કૃતિ આમાં ઉપયોગી થઈ શકશે.

### મહાસત્તાઓના કૂટનૈતિક ખેલનો ભોગ બનેલો દેશ

અફઘાનિસ્તાન દાયકાઓથી મહાસત્તાઓની કૂટનૈતિક રમતોનો અતિશય ખરાબ રીતે ભોગ બનેલું રાષ્ટ્ર છે. અમેરિકા અને સોવિયેત સંઘ વચ્ચેના શીત યુદ્ધ દરમિયાન સોવિયેત સેનાએ અફઘાનિસ્તાનમાં પગપેસારો કર્યો એ સાથે જ અફઘાનિસ્તાનની માઠી દશાની શરૂઆત થઈ હતી. એ સમયે સોવિયેત સંઘને ખાળવા માટે અમેરિકાએ જ અફઘાનિસ્તાનની ધરતી ઉપર આતંકી સંગઠનો ઊભાં કરવામાં મદદ કરી હતી. સોવિયેત સંઘના વિઘટન બાદ રશિયન સેના અફઘાનિસ્તાનમાંથી હટી કે તરત જ તાલિબાને કબજો જમાવવાની શરૂઆત કરી દીધી હતી.

વર્ષોથી માઠી દશામાં રહેલા અફઘાનિસ્તાનના લોકોને આશા હતી કે રશિયન સેના દૂર થયા બાદ તેમના દેશમાં શાંતિ સ્થપાશે અને તાલિબાન તેમનું સુદૃઢ શાસન સ્થાપશે. પરંતુ તાલિબાને તો કડક ઈસ્લામિક કાયદા લાગુ કરવાના નામે પ્રજા ઉપર કેર વર્તાવવાનો શરૂ કર્યો. એ પછી અમેરિકા ઉપર થયેલા ૯/૧૧ના હુમલા બાદ ઓસામા બિન લાદેન અફઘાનિસ્તાનમાં છુપાયેલો હોવાના દાવા સાથે અમેરિકી સેના અફઘાનિસ્તાનમાં ઊતરી આવી. એ પછી ૨૦ વર્ષ સુધી અફઘાનિસ્તાનમાં તાલિબાન સામે લડ્યા બાદ છેવટે અમેરિકાએ વિદાય લેવાનું નક્કી કર્યું અને ફરી વખત દેશ તાલિબાનના હાથમાં જઈ ચડ્યો છે.

### ઇસ્લામિક ત્રાસવાદે દુનિયાને અજગરી ભરડો લીધો છે

ઈસ્લામિક ત્રાસવાદે આજે દુનિયાભરને અજગરી ભરડો લીધો છે. ઈસ્લામ ઉગ્રવાદ અને આતંકવાદને ભડકાવીને ઈસ્લામી વિશ્વમાં પોતાનું મહત્ત્વનું સ્થાન બનાવી રાખવા જેહાદના નામે યુદ્ધ ચલાવી રહ્યું છે. જેહાદના નામે ત્રાસવાદીઓ જે ત્રાસવાદ ફેલાવી રહ્યા છે તેના મુખ્ય જનક અને પોષક પાકિસ્તાન અને અફઘાનિસ્તાન છે. જેહાદ એ પવિત્ર ધર્મ માટેનું યુદ્ધ છે, અન્યાય અને જુલમ માટેનો જંગ છે. આ જંગમાં પ્રતિસ્પર્ધીને મારવા કરતાં અલ્લાને ખાતર મરવાનું વધારે શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે અને આવું મૃત્યુ જ જેહાદીને શહીદી બક્ષતું હોય છે તથા અંતે અલ્લાની ખાતરી મોતનો સ્વીકાર



કરનાર શહીદ સ્વર્ગના અધિકારી બનતો હોય છે ! ઈસ્લામમાં પ્રવર્તી રહેલી ૧૪૦૦ વર્ષ ઉપરાંતની આ તીવ્ર, ઊંડી અને વ્યાપક ભાવનાઓને છેલ્લા થોડા દસકાઓથી ત્રાસવાદીઓએ નિર્દોષ નાગરિકોના જાન લઈ હિંસાખોરીને ચારેકોર જેહાદના નામે ફેલાવી છે. આવા હિંસાવાદને સમયે સમયે ઓસામા બિન લાદેન જેવા રાક્ષસોએ બળ પૂરું પાડ્યું છે. જેહાદના નામે એટલી હદે પ્રચાર - પ્રસાર કરવામાં આવે છે કે તેનો ભોગ શિક્ષિત લોકો પણ બની જાય છે. અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર ઓસામા પ્રેરિત જે આતંકવાદીઓએ પ્લેન સહિત આત્મઘાતી હુમલાઓ કર્યા હતા તે હુમલાઓમાં લગભગ ૧૯ જેટલા શિક્ષિત પાયલોટોએ ભાગ લીધેલ હતો. આ બાબત જ બતાવે છે કે ત્રાસવાદીઓને જેહાદના નામે કેવું ઝેર રેડી તૈયાર કરવામાં આવતા હશે ?

### તાલિબાનનો આતંકી ગ્રંથ

એન્સાઈકલોપીડિયા ઓફ જિહાદ એટલે કે ધર્મયુદ્ધનો વિશ્વકોશ, અમેરિકા સહિત દુનિયાભરમાં ખળભળાટ મચાવનાર ઓસામા બિન લાદેનનો અગિયાર ભાગમાં વહેંચાયેલો ગ્રંથ અત્યંત ચર્ચાસ્પદ બન્યો છે. સાત હજાર પાનાંના આ દળદાર ગ્રંથમાં ઓસામાનું આતંકવાદી સંગઠન અલ-કાયદા કઈ રીતે કામ કરે છે એનો ચિતાર મળે છે. ચપ્પ જેવી ટચૂકડી ચીજથી મંડીને મોટાંમસ વિમાન અને રાસાયણિક શસ્ત્રોનો ઉપયોગ કરીને લોકોમાં કઈ રીતે આતંક ફેલાવવો એની સંપૂર્ણ માહિતી આ ગ્રંથોમાં આવરી લેવામાં આવી છે.


ઓસામા પ્રેરિત ધર્મયુદ્ધનો આ વિશ્વકોશ અરબી ભાષામાં લખાયો છે. વિશ્વકોશના અગિયાર ગ્રંથનો સાર સમાવિષ્ટ કરતી ૧૮૦ પાનાંની એક પુસ્તિકા છે. અલ-કાયદાના જિહાદીઓ માટે આ પુસ્તિકા માર્ગદર્શિકાની ગરજ સારે છે. અમેરિકાની ગુપ્તચર એજન્સીએ આ પુસ્તિકાનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. એનું શીર્ષક છે : "મિલિટરી સ્ટડીઝ ઈન ધ જિહાદ અગેઈન્સ્ટ ટાયર". આ પુસ્તિકામાં બુલેટ્સ અને બોમ્બધડાકા ઉપરાંત વિનાશ કઈ રીતે નોતરવો, બનાવટી દસ્તાવેજો કઈ રીતે તૈયાર કરવા, વાહનવ્યવહારનો ઉપયોગ કરતી વખતે કઈ બાબતોમાં સાવધાની વર્તવી તથા અપહૃતો સાથે કેવું વર્તન કરવું એની છણાવટ કરવામાં આવી છે.

વિશ્વ પર આંતકનો કોરડો વીંઝવા કૃતસંકલ્પ ઓસામા પ્રેરિત ધર્મયુદ્ધનો આ વિશ્વકોશ બ્રિટિશ સુરક્ષા દળોએ પકડેલા જિહાદી પાસેથી હાથ લાગ્યો હતો. એનો સંક્ષિપ્ત ગ્રંથ આજે પણ દુનિયાભરમાં ખૂબ સરળતાથી ઉપલબ્ધ છે. આવી જોખમી ત્રાસવાદી પ્રવૃત્તિ અનેકો માટે ત્રાસવાદ આગળ વધારવા માટે પ્રેરક અને ઘૃણાસ્પદ ગંભીર પરિણામો લાવનારી હોવા છતાં એના પર કાનૂની પ્રતિબંધ મૂકવાથી એ પ્રતિબંધિત નહિ થનારી પ્રવૃત્તિ છે.


### તાલિબાની વિચારધારા એકેય સદીમાં ન ચાલે, ૨૧મી સદીમાં વિકાસની વિચારધારા જ ચાલે

અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા પછી દુનિયામાં ભયનો માહોલ છવાઈ ગયો છે. તાલિબાની વિચારધારા અંગે વિચારકો વિચારતા થઈ ગયા છે. તાલિબાનો રોજ નવાં નવાં વિચિત્ર ફરમાનો જાહેર કર્યા કરે છે. તાલિબાની વિચારધારાનો વધુમાં વધુ ભોગ મહિલાઓ બની રહી છે. મહિલાઓ જાણે ઘરમાં નજરકેદ બની ગઈ છે. મહિલાઓ અફઘાનિસ્તાનમાં ઘરની બહાર પગ મૂકી ન શકે એવા કડક તાલિબાની ફરમાનો જારી કરવામાં આવ્યાં છે. હત્યાઓ, લૂંટફાટ, ગોળીબાર, ફાંસી, મનઘડંત નિયમોનો અમલ સામાન્ય બાબત બની ગઈ છે. લોકકલ્યાણ કે માનવતાભર્યાં કાર્યોને તાલિબાનોએ પોતાની આતંકી વિચારધારા હેઠળ કચડી નાંખ્યાં છે. કેન્દ્રમાં જ્યારથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકાર આવી છે, નરેન્દ્રભાઈ વિશ્વપ્રવાસ દરમ્યાન સતત દુનિયાના દેશોને આતંકી પ્રવૃત્તિઓ સામે એક થવા સમજાવતા રહ્યા. દુનિયાના દેશોને નરેન્દ્રભાઈની વિચારધારામાં વિશ્વાસ બેઠો. માનવતાવાદી અને વિકાસની વાતો ગળે ઊતરી. અનેક દેશો નરેન્દ્રભાઈની વિચારધારા સાથે એક થયા. ભારતની સંસ્કૃતિ, સભ્યતા અને માનવકલ્યાણની વાત સ્વીકારી, આતંકવાદ સામે લડવા તૈયાર થયાં. ભારતની વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના નરેન્દ્રભાઈએ દુનિયાના અનેક દેશોના ગળે ઉતરાવી દીધી. ભારતની, ભાજપની અને શ્રી નરેન્દ્રભાઈની આ મોટી સફળતા છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને 'મનોગત'ના વાચકો અને ભાજપાના લાખો કાર્યકર્તા તરફથી શ્રી નરેન્દ્રભાઈને હાર્દિક શુભકામનાઓ. પ્રભુને પ્રાર્થના કે પ્રભુ તેમને તંદુરસ્તી ભર્યું દીર્ઘાયુ બક્ષે.



# ગાંધીનગર લોકસભા ક્ષેત્રની સગર્ભા મહિલાઓ માટે લાડુ વિતરણ યોજનાનો શુભારંભ કરાવતા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ



## શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કુપોષણ વિરુદ્ધ લડાઈનું આપણું અભિયાન જનઆંદોલનનું સ્વરૂપ લઈ રહ્યું છે - શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભા મતવિસ્તારના લોકલાડીલા સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભા ક્ષેત્રની સગર્ભા મહિલાઓ માટે 'લાડુ વિતરણ યોજના'નો શુભારંભ સાણંદ તાલુકાના નિધરાડ ગામ ખાતેથી કરાવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીશ્રીઓ દ્વારા શ્રી અમિતભાઈ શાહનું પુષ્પગુચ્છ અને મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી અમિતભાઈ શાહે દેશ-દુનિયામાં વસતા કરોડો નાગરિકોને કૃષ્ણજન્મોત્સવના શુભ અને પાવન અવસર જન્માષ્ટમીની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, ૫૧૦૦ વર્ષ પહેલાં જન્મેલા બહુમુખી, બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતા એવા કૃષ્ણ જેમણે સમગ્ર વિશ્વને ધર્મના રસ્તા પર ચાલવાનો માર્ગ બતાવ્યો તેમનો જન્મદિવસ ફક્ત ભારતીયો જ નહીં દુનિયાના કરોડો લોકો ઊજવે છે, ગુજરાતવાસીઓ માટે ગર્વની બાબત છે કે, દ્વારકાને ભગવાન શ્રી કૃષ્ણે પોતાની કર્મભૂમિ બનાવી જીવનનો મોટો ભાગ અહીં વિતાવ્યો.

આ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહે પેરાલિમ્પિક્સમાં શાનદાર પ્રદર્શન કરી ૧ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ જીતવા બદલ સૌ રમતવીરોને ભારતને ગૌરવ અપાવવા બદલ તેમની અથાગ મહેનતને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ગોલ્ડ મેડલ જીતનાર અવની લેખારા અને ગુજરાતની દીકરી ભાવિના પટેલને સિલ્વર મેડલ જીતવા બદલ અનેકાનેક શુભકામનાઓ પાઠવી હતી.

શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલા આજના આ કાર્યક્રમમાં લાડુ વિતરણ યોજનાનો પ્રારંભ કરાવતાં તેમણે જણાવ્યું હતું કે, શ્રી કૃષ્ણએ તેમની બાલ્યાવસ્થામાં બાળગોપાલ રૂપમાં અનેક અસુરોનો સંહાર કર્યો હતો, બાળકોનું સ્વાસ્થ્ય કેવું હોવું જોઈએ તેનું ઉત્તમ ઉદાહરણ 'બાળગોપાલ' છે. જન્માષ્ટમીના પાવન દિવસે સગર્ભા મહિલાઓ માટે 'લાડુ વિતરણ યોજના'નો શુભારંભ કરવાનું સૌભાગ્ય મળ્યું છે, તેનો મને વિશેષ આનંદ છે. તેમણે જણાવ્યું હતું કે, સ્વસ્થ સમાજ માટે સ્વસ્થ બાળકો અને સ્વસ્થ બાળકો માટે સગર્ભાવસ્થા દરમિયાન માતાઓનું ઉત્તમ સ્વાસ્થ્ય અને ગર્ભમાં રહેલા બાળકના સર્વાંગી વિકાસ માટે પોષણક્ષમ આહાર અતિઆવશ્યક છે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ગાંધીનગર લોકસભા વિસ્તારમાં સ્વયંસેવી સંસ્થાઓના માધ્યમથી અને વહીવટી તંત્રના સહકારથી મતક્ષેત્રની ૭૦૦૦થી વધુ સગર્ભા બહેનોને કુપોષણ સામેની લડાઈ માટે દર મહિને ૧૫ મગસના લાડુ વિતરિત કરવામાં આવશે.








ચણાનો લોટ, ઘી અને સાકરથી બનેલા ગુણકારી એવા મગસના લાડુ શારીરિક, માનસિક વિકાસ માટે જરૂરી તત્ત્વોથી ભરપૂર હોય છે તેમજ ઊર્જાનો પણ સ્રોત છે જેના સેવનથી સગર્ભાઓને યોગ્ય પોષણ પણ મળી રહેશે. સગર્ભા મહિલાઓના સારા આરોગ્ય માટે મગસના લાડુ તૈયાર કરવા બદલ તેમણે સ્વયંસેવી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલ મંત્ર 'સહી પોષણ, દેશ રોશન'ને ધ્યાનમાં રાખી આપણે આ દિશામાં આગળ વધી રહ્યા છીએ. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાન ખાતેથી ૮ માર્ચ ૨૦૧૮થી દેશવ્યાપી પોષણ અભિયાનની શરૂઆત કરી પૌષ્ટિક આહાર અંગે જાગરૂકતા ફેલાવવાનું અભિયાન શરૂ કર્યું જેના ભાગરૂપે આજે કુપોષણ વિરુદ્ધ લડાઈનું આપણું અભિયાન જનઆંદોલનનું સ્વરૂપ લઈ રહ્યું છે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, સગર્ભા મહિલાઓના સારા સ્વાસ્થ્ય માટે સરકાર સંપૂર્ણ રીતે ચિંતિત છે. છેલ્લાં ૩ વર્ષમાં દેશની ૭.૫ કરોડ ગર્ભવતી મહિલાઓ તેમજ સ્તનપાન કરાવતી ૩.૫ કરોડ માતાઓને ફોલિક એસિડ સપ્લીમેન્ટ આપવામાં આવ્યા છે તેમજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૬માં શરૂ કરેલ સુરક્ષિત માતૃત્વ અભિયાન હેઠળ ૩ કરોડથી વધુ મહિલાઓની પ્રસવ પૂર્વ તપાસ કરવામાં આવી છે. આજે દેશમાં કુપોષણ સંબંધિત પ્રશ્નોના સમાધાન માટે સરકારનાં ૧૮ મંત્રાલયો સામૂહિક રીતે અભિયાન ચલાવી રહ્યાં છે. ગુજરાત સરકારે પણ ગુજરાત કો. ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની સહાયથી ટેક હોમ રાશનના પેકેટ પોષણ માટે આપ્યાં છે તે સરાહનીય છે.

શ્રી અમિતભાઈ શાહે દરેક ગામના સરપંચને સરકારી યોજનાનો લાભ મળવાપાત્ર કોઈ પણ વૃદ્ધ, વિધવા યોજનાના લાભથી વંચિત ન રહી જાય તેમજ આયુષમાન ભારત જેવી આશીર્વાદરૂપ યોજનાનો લાભ સૌ લાભાર્થીઓને મળે તેની ચિંતા કરવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની સાથે સાથે નિર્બળ, ગરીબ, પછાત વર્ગ તેમજ મહિલાઓના સશક્તિકરણ માટે આપણે સૌ સજ્જ બનીએ, આપણાં દાયિત્વનું સંપૂર્ણતઃ નિર્વહન કરીએ. શ્રી અમિતભાઈ શાહે સૌ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તેમજ સરકારી અધિકારીઓ અને વહીવટી તંત્રને સરકારની તમામ યોજનાઓને છેવાડાના માનવી સુધી લઈ જઈ મળવાપાત્ર તમામ લાભ નાગરિકને અપાવવા માટે આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આપણે સૌ સાથે મળી, આપણા સહિયારા પ્રયાસોથી ગાંધીનગર લોકસભા ક્ષેત્રને દેશનું સૌથી વિકસિત ક્ષેત્ર બનાવવામાં અવશ્ય સફળ થઈશું તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. આ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહના હસ્તે આંગણવાડીની બહેનોને બાળકોને વિતરણ કરવા માટે પૌષ્ટિક ફ્રૂટ બાસ્કેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



## જન આશીર્વાદ યાત્રા

# સંવાદ અને સંપર્કનો એક ઐતિહાસિક ઉત્સવ

વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીએ જુલાઈમાં તેમના પ્રધાનમંડળનું વિસ્તરણ કર્યું. સરકારમાં ૩૬ પ્રધાનોનો સમાવેશ કરવામાં આવ્યો. ૨૦૧૪માં એનડીએની સરકાર બન્યા પછી પ્રધાનમંડળનું આ સૌથી મોટું વિસ્તરણ હતું. હવે નવા પ્રધાનમંડળમાં ૭૭ મંત્રી છે. અગાઉ આ સંખ્યા બાવન (૫૨) હતી.

ભારતના સંસદીય ઈતિહાસમાં પહેલીવાર કેન્દ્રની ભાજપ સરકારમાંઓબીસી સમાજના ૨૭ સાંસદો મંત્રી બન્યા, દલિત સમાજના ૧૨ સંસદસભ્યો મંત્રી બન્યા અને ૧૨ મહિલા સંસદસભ્યો મંત્રી બન્યાં. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિવિધ સમાજ અને દેશના પૂર્વોત્તર ભારતને યોગ્ય પ્રતિનિધિત્વ આપી તેમનું ગૌરવ વધાર્યું.

વર્તમાન પ્રધાનમંડળની સરેરાશ ઉંમર ૫૦ વર્ષ છે. તે ઉપરાંત વડાપ્રધાને તેમાં પ્રાદેશિક સંતુલનનું પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. નવા મંત્રીઓનાં નામોની જાહેરાત પછી સ્પષ્ટ રીતે ખ્યાલ આવે છે કે પસંદગી બાબતે ઊંડો વિચાર કરવામાં આવ્યો હશે. આ પ્રધાનમંડળ અંગે અખબારોમાં સકારાત્મક ચર્ચા થઈ અને વખાણ થયાં. સામાન્ય લોકોએ પણ તેનું સ્વાગત કર્યું. વડાપ્રધાને પ્રાદેશિક સંતુલન જાળવ્યું, સામાજિક સમરસતાને પ્રાથમિકતા આપી, શિક્ષિત તેમજ ક્ષમતા ધરાવતા લોકોને પ્રધાનમંડળમાં સ્થાન આપ્યું. મીડિયા, રાજકારણ, વિશ્લેષકો તેમજ સામાન્ય નાગરિકો દરેક સ્તરે લોકોએ તેના વખાણ કર્યાં.

પ્રધાનમંડળમાં નવા સમાવવામાં આવેલા સભ્યો વિશે સંસદ અને એ દ્વારા દેશને વાકેફ કરવા વડાપ્રધાને પ્રયાસ કર્યો હતો, પરંતુ વિપક્ષોએ ભારે અવરોધ ઊભા કરીને આ પ્રયાસ ખોરવી નાખ્યા હતા.

કોન્ગ્રેસની ઓબીસી, મહિલા અને દલિત વિરોધી માનસિકતા ત્યારે ઉઘાડી પડી ગઈ જ્યારે દેશનાં ગામડાંની પૃષ્ઠભૂમિના ખેડૂત, મહિલા, દલિત, આદિવાસી પરિવારમાંથી આવતા લોકોનો સંસદમાં વડાપ્રધાન દ્વારા મંત્રી તરીકે પરિચય આપવામાં આવી રહ્યો હતો ત્યારે કોન્ગ્રેસના લોકો દુ:ખી થઈ ગયા. કોન્ગ્રેસના સભ્યો દલિત સમાજના પ્રતિનિધિઓનાં નામ સાંભળવા તૈયાર નહોતા. કોન્ગ્રેસ સહિત વિરોધપક્ષની આ પ્રકારની વિકૃત માનસિકતા સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં ગૃહ દ્વારા પ્રથમ વખત જોવામાં આવી છે, એ દેશ માટે શરમજનક છે.

પરંતુ વડાપ્રધાને વિશિષ્ટ રીતે નવા પ્રધાનોને પ્રજા સમક્ષ રજૂ કરવાનો નિર્ણય લીધો છે. નવા પ્રધાનો સીધા જ પ્રજાની વચ્ચે પહોંચે અને સરકારના પ્રતિનિધિ તરીકે સૌને મળી લોકોના આશીર્વાદ મેળવે તેના કરતાં વધારે સારો ઉપાય બીજો કયો હોઈ શકે? આ જ કારણે 'જન આશીર્વાદ યાત્રા' નામે વિશેષ કાર્યક્રમ બનાવવામાં આવ્યો. મંત્રીઓને સ્વતંત્રતા દિવસ સુધી દિલ્હીમાં જ રહેવા ખાસ વિનંતી કરવામાં આવી હતી. અને ૧૬ ઑગસ્ટથી જન આશીર્વાદ યાત્રાની યોજના બનાવવામાં આવી. નવા મંત્રીઓએ એ યાત્રા શરૂ કરી અને એ માટે અગાઉથી નિર્ધારિત માર્ગો પર ફર્યા. એ દરમિયાન સ્થાનિક અગ્રણીઓ સાથે બેઠકો, નાની નાની સભા સહિત વિવિધ કાર્યક્રમ બનાવવામાં આવ્યા હતા. જન આશીર્વાદ યાત્રા જે તે મંત્રીના પોતાના શહેર-નગરમાં પૂર્ણ કરવાનું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વતંત્રતા પછીના ભારતના ઈતિહાસમાં આવું આયોજન પ્રથમ વખત થયું હતું, જેમાં કેન્દ્રીય મંત્રીઓ પોતે રસ્તા પર ઊતરીને લાંબો પ્રવાસ કરતા જોવા મળ્યા. પ્રધાનો અને પ્રજા વચ્ચેના આ સંપર્કને કારણે પ્રજા અને સરકાર વચ્ચે લાંબાગાળાનો સંવાદ પ્રસ્થાપિત કરવામાં મદદ મળશે. આ



● કિશોર મકવાણા






પ્રવાસ માટે અલગ અલગ પ્રકારના નાના નાના કાર્યક્રમો તૈયાર કરવામાં આવ્યા હતા. તેનું સંચાલન પક્ષના વરિષ્ઠ કાર્યકરોને જ સોંપવામાં આવ્યું હતું. તેમાં મંદિરોમાં દર્શન, મહાનુભાવોની પ્રતિમાઓને માલ્યાર્પણ, કોવિડ-૧૯ કેન્દ્રોની મુલાકાત, રસીકરણ કેન્દ્રોની મુલાકાત, રાશનની દુકાનોની મુલાકાત વગેરેનો સમાવેશ થતો હતો. તે ઉપરાંત બૅક-ઑફિસના કામો – જેમ કે, પ્રચાર સામગ્રીની વ્યવસ્થા, સંરક્ષણ વ્યવસ્થા, સ્થાનિક પોલીસ સાથે સંકલન, જન આશીર્વાદ યાત્રાની પરવાનગી મેળવવી વગેરેનો સમાવેશ થતો હતો અને એ બધી જવાબદારી પક્ષના સ્થાનિક કાર્યકરોએ ઉપાડી લીધી હતી. આ તમામ કામગીરીમાં પક્ષના બૂથ સ્તરના કાર્યકરોએ સામૂહિક પ્રયાસ દ્વારા સંગઠન ક્ષમતાનો પરિચય કરાવ્યો હતો. આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજીએ પ્રત્યેક યાત્રાની વિગતોનું નિરીક્ષણ કર્યું અને યાત્રાના પ્રત્યેક પાસાં પર નજર રાખી હતી. રાષ્ટ્રીય મહામંત્રી શ્રી તરુણ પણ સમગ્ર યાત્રાનું સંકલન કરી રહ્યા હતા. તેઓ જન આશીર્વાદ યાત્રાના રાષ્ટ્રીય પ્રભારી હતા. સમગ્ર આયોજન તેમની દેખરેખ હેઠળ થયું.

## ગુજરાતમાં જન આશીર્વાદ યાત્રા પાંચ કેન્દ્રીય પ્રધાનો

શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાજી, શ્રી મનસુખભાઈ માંડવિયા, શ્રી દેવુસિંહજી ચૌહાણ, શ્રીમતી દર્શનાબહેન જરદોશ, ડૉ. મહેન્દ્રભાઈ મુજપરાના નેતૃત્વમાં નીકળી હતી. પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલજીના નેતૃત્વમાં યાત્રાનું માઈક્રોપ્લાનિંગ થયું. અને પાંચેય યાત્રા અદ્ભુત સફળ રહી.

આવી પ્રત્યેક યાત્રાનું મહત્તમ અંતર ૫૦૦ કિ.મી. હતું. યાત્રાનો એક નિશ્ચિત પૂર્વનિર્ધારિત માર્ગ નક્કી કરવામાં આવ્યો હતો અને પ્રત્યેક મંત્રીએ દરરોજ વધુમાં વધુ ૧૦૦થી ૧૨૦ કિ.મી. સુધી પ્રવાસ કર્યો હતો. સરકારના લાભાર્થીઓની ઓળખ પક્ષના સ્થાનિક કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી અને મંત્રીઓ સાથે નાના-નાના સમૂહમાં તેમની મુલાકાત ગોઠવવામાં આવી હતી. યાત્રાના નામ ઉપરથી જ સ્પષ્ટ થતું હતું કે મંત્રીઓ પ્રજા પાસેથી આશીર્વાદ માગતા હતા.

આ લાંબી યાત્રાનું સૌથી મુખ્ય પાસું એ હતું કે ઘણાં અભિયાન એક સાથે ચાલતા હતા હતા, અર્થાત્ કેન્દ્રીય મંત્રી રસ્તા પર પ્રજા સાથે સંવાદ કરતા હતા, તેમના આશીર્વાદ માગતા હતા, સ્વચ્છ ભારત અને રસીકરણ અભિયાન જેવા કાર્યક્રમોમાં ભાગ લેતા હતા. આ યાત્રા માટે જે રથ બનાવવામાં આવ્યો હતો તે વધારે પડતો ઊંચો રાખવામાં નહોતો આવ્યો તેમજ તેમાં વધારે પડતી વિશેષ સુવિધાઓ પણ ઊભી કરવામાં નહોતી આવી. આ રથ વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવ્યા હતા અને તે તૈયાર કરવાની જવાબદારી જે તે રાજ્યને જ સોંપવામાં આવી હતી. યાત્રાનો સ્પષ્ટ ઉદ્દેશ પ્રજા સાથે સીધો સંવાદ કરવાનો અને તેમના આશીર્વાદ લેવાનો હતો, ઉપરાંત પક્ષના કાર્યકરો તેમના પ્રતિનિધિને સીધા મળી શકે અને તેમનું અભિવાદન કરી શકે એ હતો. યાત્રાના રૂટ એવી રીતે નિર્ધારિત કરવામાં આવ્યા હતા જેથી ગ્રામ્ય ક્ષેત્રમાં વધુ ને વધુ લોકો સાથે જોડાઈ શકાય. યાત્રા જે માર્ગેથી પસાર થઈ હતી ત્યાં ગામ નાનું હોય કે મોટું પણ રોકાણ રાખવામાં આવ્યું હતું જેથી શક્તિ કેન્દ્ર, મંડળ અથવા બૂથ સમિતિના સભ્યો તેમજ લોકો અભિવાદન કરી શકે. જન આશીર્વાદ યાત્રા પણ ભાજપની અગાઉની ઐતિહાસિક યાત્રામાં એક સીમાચિહ્ન રૂપે અંકિત થઈ ગઈ.

●



# મદનલાલ ધીંગરા

**જન્મ : ૧૮૮૭ • અવસાન : ૧૭-૦૮-૧૯૦૯**

મદનલાલના પિતા ડૉ. દીત્તા દેશવાસીઓમાં કાળા અંગ્રેજ તરીકે ઓળખાતા હતા. તેમનો મોટો દીકરો પણ એવો જ હતો. લંડન ગયા પહેલાં તો મદનલાલની વિચારધારાયે ઘરના સભ્યોને મળતી જ હતી. ત્યાં શ્યામજી કૃષ્ણવર્મા અને સાવરકરના સંપર્કમાં આવતા મદનલાલમાં ચમત્કારિક પરિવર્તન આવ્યું. તેઓ અંગ્રેજ શાસનના કટ્ટર વિરોધી બની ગયા. માતૃભૂમિ માટે પોતાનું બલિદાન આપવા તલપાપડ થવા માંડ્યા. કેટલાકને તેમનામાં આવેલા આ પરિવર્તનમાં વિશ્વાસ ન બેઠો. કોઈએ એમને કહ્યું પણ ખરું, 'મદન' ક્રાંતિકારી બનીને કેવું કષ્ટ વેઠવાનું થાય છે એની ખબર છે ?' જવાબમાં મદનલાલે કહ્યું, એ સહન કરવા હું તૈયાર છું.' કસોટીરૂપે મદનલાલની હથેળી સોંસરવી સોય પસાર કરવામાં આવી. મદનલાલના મોંમાથી ઊંહકારો પણ ન નીકળ્યો. આવી જ રીતે તેમણે રસાયણ ઉકાળવા મૂકેલું ધગધગતું તપેલું હાથેથી ઉપાડીને સહનશક્તિનો પરિચય આપ્યો. મદનલાલ હવે કસોટીની એરણમાંથી પસાર થઈ ગયેલા ઈન્ડિયા હાઉસના સભ્ય તરીકે ઓળખવા લાગ્યા. સાવરકર હવે તેમને બહુ મોટું કામ સોંપવા માંગતા હતા. એ વખતે લંડનમાં નેશનલ ઈન્ડિયન એસોસિએશન નામની એક સંસ્થા અંગ્રેજસરકાર ચલાવતી હતી. તેમાં લંડન અભ્યાસ માટે આવતા ભારતીય યુવકોને અંગ્રેજોના વફાદાર સેવકો બનાવવાની પ્રેરણા આપવામાં આવતી. આ સંસ્થાનો વડો હતો કર્ઝન વાયલી. થોડાં વરસો પહેલાં તે ભારતમાં ફરજ બજાવતો હતો ત્યારે એણે દેશવાસીઓ ઉપર અત્યાચાર ગુજારવામાં કશું બાકી રાખ્યું નહોતું. ઈન્ડિયા હાઉસ વતી કર્ઝન વાયલીને ઠાર કરવાનું કામ મદનલાલે પોતાને માથે લીધું. કર્ઝન આમ તો મદનલાલના પિતાનો મિત્ર હતો. મદનલાલની કાંતિકારીઓ સામેની સાંઠગાંઠથી એ સખત નારાજ હતો. તેના પિતાને આ બાબતે તેણે અનેક વખત ફરિયાદ પણ કરી હતી. ૧ જુલાઈ, ૧૯૦૯નો દિવસ. સુંદર શૂટ અને માથે પાઘડી પહેરીને મદનલાલ બરાબર આઠ વાગ્યે જહાંગીર હોલમાં પહોંચી ગયા. અંગ્રેજ મિત્રો સાથે હળીમળીને વાતો કરવા માંડ્યા. કોઈને ગંધ પણ ક્યાંથી આવે કે મદનલાલના ખિસ્સામાં પિસ્તોલ હશે. રાતના અગિયાર વાગ્યા સુધી સમારોહ ચાલ્યો. કાર્યક્રમ પૂરો થયો કે મદનલાલ કર્ઝન વાયલી પાસે આવ્યા. કર્ઝને માન્યું કે મિત્રનો દીકરો પોતાને મળવા આવ્યો છે. ત્યાં તો ધડાધડ કરતી બે ગોળીઓ તેની છાતીમાં ઘૂસી ગઈ. કર્ઝન ત્યાં જ ઢળી પડ્યો. આટલું થયા પછી પણ મદનલાલ સહેજ પણ ભયભીત ન થયા. ઘડીક તો કોઈ માની ન શક્યું કે ગોળીબાર ખરેખર તેમણે કર્યો છે ? ધરપકડ કરીને તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. લંડનની ધરતી પર જ આ ક્રાંતિકારીને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# કેવડિયા ખાતે યોજાયેલ પ્રદેશ કારોબારીની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.